Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com


**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**




## હે ભવ્ય ! આ જગતપ્રસિદ્ધ સત્યને તું જાણ

'બંધ હો કે ન હો (અર્થાત્ બંધ-અવસ્થામાં કે મોક્ષ-અવસ્થામાં), સમસ્ત વિચિત્ર મૂર્તદ્રવ્યજાળ (અનેકવિધ મૂર્તદ્રવ્યોનો સમૂહ) શુદ્ધ જીવના રૂપથી વ્યતિરિક્ત છે' એમ જિનદેવનું શુદ્ધ વચન બુદ્ધપુરુષોને કહે છે. આ ભુવનવિદિતને (-આ જગતપ્રસિદ્ધ સત્યને), હે ભવ્ય ! તું સદા જાણ.

(શ્રી પદ્મપ્રભમલધારીદેવ)





તંત્રી : પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર

વીર સં. ૨૫૦૩, પ્ર. શ્રાવણ (લવાજમ છ રૂપિયા) વર્ષ ૩૪ : અંક ૧૦ [ ૪૦૬ ]

# આગમ-મહાસાગરનાં અણમૂલા રત્નો

* "મારું એમ મંતવ્ય છે કે - આત્મા જુદો છે અને તેની પાછળ પાછળ જનારું કર્મ જુદું છે; આત્મા અને કર્મની અતિ નિકટતાથી જે વિકૃતિ થાય છે તે પણ તેવી જ રીતે (આત્માથી) જુદી છે; વળી કાળ-ક્ષેત્રાદિક જે છે તે પણ (આત્માથી) જુદાં છે. નિજ નિજ ગુણકાળથી અલંકૃત આ બધુંય જુદે જુદું છે (અર્થાત્ પોતપોતાના ગુણો અને પર્યાયોથી યુક્ત સર્વ દ્રવ્યો અત્યન્ત જુદે જુદાં છે)."

(શ્રી પદ્મનંદિ-આચાર્ય)

* 'શુદ્ધ નિશ્ચયનયથી મુક્તિમાં તેમ જ સંસારમાં તફાવત નથી;' આમ જ ખરેખર, તત્ત્વ વિચારતાં (-પરમાર્થ વસ્તુ સ્વરૂપનો વિચાર અથવા નિરૂપણ કરતાં), શુદ્ધ તત્ત્વનાં રસિક પુરુષો કહે છે (જાણે છે) (શ્રી પદ્મપ્રભમલધારીદેવ)

* વ્યવહારનયની દૃષ્ટિથી જ માર્ગણાસ્થાનો અને ગુણસ્થાનો કહેવામાં આવ્યા છે, નિશ્ચયનયથી તો કેવલ એક આત્મા જ જાણ, કે જેને જાણવાથી તું પરમેષ્ઠીપદને પામીશ.

(યોગસાર)

* ધ્યાન કરવાથી મુનિ નિયમથી નિશ્ચય અને વ્યવહારરૂપ મોક્ષમાર્ગ પામે છે. તેથી તમે ચિત્તને એકાગ્ર કરીને ધ્યાનનો સારી રીતે અભ્યાસ કરો. (દ્રવ્ય-સંગ્રહ)

* "હે ભવ્યાત્મન! જેમ સમુદ્રના મધ્ય ભાગે પડેલું રત્ન ફરી પામવું દુર્લભ છે, તેમ તું નિશ્ચયથી માન કે - આ મનુષ્યપણું પામવું અતિ દુર્લભ છે. આવું સંજ્ઞી મનુષ્યપણું પામીને તો મિથ્યાત્વ કષાય આદિને છોડ! (શ્રી સ્વામીકાર્તિક)

વાર્ષિક લવાજમ
છ રૂપિયા
વર્ષ ૩૪
અંક ૧૦




વીર સં. ૨૫૦૩
: પ્ર. શ્રાવણ :
A.D.1976
AUG.

# અધ્યાત્મ - અમૃતના ઓઘ વડે
# અતીન્દ્રિય આનંદમય અનુભૂતિનું અભિસિંચન

પ્રવચનના પ્રારંભમાં જ પૂજ્ય ગુરુદેવ પ્રમોદ પૂર્વક કહે છે કે આ સમયસાર ગાથા ૩૨૦ ની ટીકા કરીને શ્રી જયસેનઆચાર્યદેવે ઘણાં ગંભીર ને સૂક્ષ્મ ભાવો જગત સમક્ષ ખૂલ્લા કર્યા છે. આત્માના ગહન સ્વભાવની વાત ઘણી સૂક્ષ્મ છે પરંતુ ધ્યાન રાખીને સાંભળતા - સમજતાં મહાકલ્યાણકારી છે.

આચાર્યદેવ કહે છે કે શુદ્ધજ્ઞાન અથવા શુદ્ધજ્ઞાનપરિણત જીવ નેત્રની જેમ અકારક - અવેદક હોવાથી તે બંધ-મોક્ષને અને બંધ-મોક્ષના કારણભૂત શુભાશુભ કર્મોદય અને નિર્જરાને જાણે જ છે, કેમ કે શુદ્ધદ્રવ્યાર્થિકનયે જીવ કર્તૃત્વ-ભોકતૃત્વ તથા બંધ - મોક્ષનાં કારણ અને પરિણામથી શૂન્ય છે.

ત્યારે મોક્ષનું કારણ કોણ? - એ વાત સમજાવતાં કહે છે કે ઉપશમ આદિ પાંચ ભાવોમાં જે શુદ્ધજીવત્વશક્તિલક્ષણ શુદ્ધ-

પારિણામિકભાવ છે તે નિષ્ક્રિય હોવાથી, બંધના કારણભૂત રાગાદિની ક્રિયાથી અને મોક્ષના કારણભૂત શુદ્ધપરિણતિની ક્રિયાથી તથા બંધ - મોક્ષપર્યાય પરિણતિથી રહિત હોવાને લીધે શુદ્ધપારિણામિકભાવ મોક્ષનું કારણ નથી. વળી જે ઉદયભાવ છે તે રાગભાવ છે અને રાગ છે તે બંધનું કારણ હોવાથી ઉદયભાવ પણ મોક્ષનું કારણ નથી. પરંતુ શુદ્ધપારિણામિક નિષ્ક્રિય તત્ત્વ જેનો વિષય છે અને સમસ્ત રાગાદિની ક્રિયા એવી શુદ્ધભાવનારૂપ પરિણતિ અર્થાત્ ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિકભાવ તે શુદ્ધ-ઉપાદાનકારણભૂત હોવાથી મોક્ષનાં કારણ છે.

એ રીતે મોક્ષનું કારણ શુદ્ધોપયોગરૂપ પરિણતિ છે પણ નિષ્ક્રિય ધ્રુવતત્ત્વ મોક્ષનું કારણ નથી એમ કહીને શુદ્ધપરિણતિથી શુદ્ધપરિણતિનો વિષય એવું ત્રિકાળી ધ્રુવ તત્ત્વ કથંચિત્ ભિન્ન છે એમ કહ્યું, અને તેથી શુદ્ધ પરિણતિ તે ધ્યેયરૂપ નથી પણ નિષ્ક્રિય ત્રિકાળી ધ્રુવતત્ત્વ ધ્યેયરૂપ છે, તે જ સમ્યગ્દર્શનનો વિષય છે.

શુદ્ધ ત્રિકાળી નિષ્ક્રિય પરમપારિણામિકભાવને વિષય બનાવતાં સમ્યગ્દર્શન થાય છે કે જે સુખાનુભૂતિલક્ષણ ક્ષાયોપશમિકજ્ઞાનરૂપ છે, અને તે જ્ઞાન એમ જાણે છે એટલે કે ધ્યેયનું ધ્યાન કરનાર ધર્મી એમ ધ્યાવે છે કે 'જે સકલનિરાવરણ-અખંડ-એક-પ્રત્યક્ષ પ્રતિભાસમય-અવિનશ્વર-શુદ્ધપારિણામિકપરમભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું.'

જિજ્ઞાસુ જીવોની સુખાનુભૂતિની તૃપ્તિ અર્થે, આ અલૌકિક ગાથા-ટીકા ઉપર સોનગઢમાં આઠ પ્રવચનો આપીને પૂજ્ય ગુરુદેવશ્રીએ અધ્યાત્મ-અમૃતના ધોધનું અભિસિંચન કર્યું હતું.

(પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૧૩-૭-૭૭)

આત્માનો સ્વભાવ જ્ઞાનસ્વરૂપ છે તે રાગને કરે ને ભોગવે તે તેનો સ્વભાવ નથી.

શરીરાદિ પરનું કરે કે ભોગવે તે તો આત્માનું સ્વરૂપ નથી પણ રાગને કરે કે વેદે તેવું જ્ઞાનસ્વભાવી આત્માનું સ્વરૂપ નથી તેમ અહીં શ્રી સમયસારની જયસેનાચાર્યરચિત 'તાત્પર્યવૃત્તિ' ટીકામાં કહે છે.

જ્યમ નેત્ર, તેમ જ જ્ઞાન નથી કારક, નથી વેદક અરે !
જાણે જ કર્મોદય, નિરજરા બંધ તેમ જ મોક્ષને. ૩૨૦.

## * ચક્ષુના દ્રષ્ટાંતે અકારક - અવેદક જ્ઞાનસ્વભાવ *

જેવી રીતે નેત્ર-કર્તા-દ્રશ્ય વસ્તુને, સંધૂકણ કરનાર પુરુષ અગ્નિરૂપ વસ્તુને કરે છે તેમ, કરતું નથી, અને તપેલા લોખંડના પિંડની માફક અનુભવરૂપે વેદતું નથી; તેવી રીતે શુદ્ધ જ્ઞાન પણ અથવા અભેદથી શુદ્ધજ્ઞાનપરિણત જીવ પણ પોતે શુદ્ધ-ઉપાદાનરૂપે કરતો નથી અને વેદતો નથી xxx માત્ર દ્રષ્ટિ જ નહિ પરંતુ ક્ષાયિક જ્ઞાન પણ નિશ્ચયથી કર્મોનું અકારક તેમ જ અવેદક પણ છે. તેવો હોતો થકો ( શુદ્ધજ્ઞાનપરિણત જીવ ) શું કરે છે ? જાણે છે. કોને ? બંધ-મોક્ષને. માત્ર બંધ-મોક્ષને નહિ, શુભ-અશુભરૂપ કર્મોદયને તથા સવિપાક-અવિપાકરૂપે ને સકામ-અકામરૂપે બે પ્રકારની નિર્જરાને પણ જાણે છે.

\- ગુજરાતી ટીકા

ભગવાન આત્માનો એવો સ્વભાવ છે કે પુણ્ય-પાપના રાગને કરતો નથી કે વેદતો નથી. જેવી રીતે નેત્ર-આંખ જે વસ્તુને દેખે છે તે દ્રશ્ય વસ્તુને, જેમ અગ્નિને સળગાવનાર પુરુષ અગ્નિને કરે છે તેમ આંખ દ્રશ્ય વસ્તુને દેખે છે પણ કરતું નથી અને જેમ લોખંડનો તપેલો ગોળો ઊનાપણે પરિણમે છે તેમ નેત્ર દ્રશ્ય પદાર્થને દેખે છે પણ તેને વેદતું નથી. તેવી રીતે શુદ્ધ જ્ઞાનનો એવો સ્વભાવ નથી કે પુણ્ય-પાપના ભવને કરે કે ભોગવે અને શુદ્ધજ્ઞાનપરિણત જીવ પોતે પુણ્ય-પાપના ભાવને કરતું નથી કે વેદતું નથી. હું શુદ્ધ છું એવી પવિત્રતાના પરિણામપણે પરિણમેલો જીવ દયા-દાનના પરિણામને કરતો નથી ને વેદતો નથી.

શુદ્ધ જીવ વસ્તુ પુણ્ય-પાપના રાગને કરતો નથી, વેદતો નથી, એમ ક્યારે સિદ્ધ

થાય ? – કે જ્ઞાનસ્વભાવને ધ્યેય બનાવીને પરિણમે ત્યારે રાગનો અકારક અવેદક છે. એટલે કે સમ્યગ્દર્શનમાં જ્યાં નિર્મળ પરિણમન થયું છે તે જીવને દયા–દાનનો વિકલ્પ આવે તેને તે દૂરથી જાણે છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપે પરિણમન થયું એ જીવ રાગ દ્વેષને શુદ્ધઉપાદાનપણે કરતો નથી. દ્રવ્યસ્વભાવ તો અકારક અને અવેદક જ છે પણ એવું પરિણમન થયા વિના દ્રવ્યસ્વભાવનો નિર્ણય શી રીતે આવે ? કરે નહીં ને ભોગવે નહીં.

વ્યવહારરત્નત્રયનો વિકલ્પ આવે, અશુભરાગ પણ આવે પણ ધર્માત્મા એનો કર્તા ને ભોક્તા નથી, કેમ કે જે સ્વભાવપણે પરિણમે તે વિભાવપણે કેમ પરિણમે ? જેને પર્યાયમાં ધર્મનું પરિણમન થાય તે જીવ–તે જીવનું જ્ઞાન દયા–દાન–વ્રત–ભક્તિના રાગને કરે નહીં ને ભોગવે નહીં.

## શુદ્ધજ્ઞાનપરિણત જીવ શું કરે છે ?

હવે કહે છે કે કેવળજ્ઞાન થયું, જેવું સર્વજ્ઞપણું શક્તિરૂપે છે તે પર્યાયમાં આવ્યું છે એવું ક્ષાયિક જ્ઞાન પણ જોગના કંપનનું અકર્તા છે – એમ સિદ્ધાંત કહીને વળી સાધકની વાત કરે છે કે સાધક–શુદ્ધજ્ઞાનપરિણત જીવ શું કરે છે ? ધર્મી થયો છે, શુદ્ધજ્ઞાનરૂપ પરિણમન થયું છે એવો જીવ શું કરે છે ? – કે જે રાગ આવે છે તેને જાણે છે. ચૈતન્ય ભગવાન જ્ઞાનનો પ્રકાશપુંજ છે તે જ્ઞાનને પ્રકાશે કે રાગને કરે ને વેદે ? જ્ઞાનપરિણત જીવ રાગને ને બંધને દૂર રહીને જાણે છે. બંધ પણ અસ્તિ તરીકે છે, નથી એમ નથી, પણ ચોથા ગુણસ્થાનવાળો ધર્મી જીવ રાગના ભાવને ને બંધને દૂર રહીને જાણે છે, એમાં ભળીને કરે ને વેદે નહીં. એમાં ભળે તો કરે ને વેદે–એ તો મિથ્યાદૃષ્ટિ છે.

## બંધ - મોક્ષને સાધક કરતો નથી, માત્ર જાણે છે

દયા–દાન આદિના શુભરાગને કરે ને વેદે એ તો મિથ્યાદૃષ્ટિ છે. જેને સ્વભાવનું જ્ઞાન થયું નથી તે રાગને કરે ને વેદે છે પણ જેણે અંદરમાં જાણ્યું કે ભગવાન આત્મા તો રાગથી ભિન્ન પૂર્ણાનંદ સ્વરૂપ છે – એમ જેને વિશ્વાસ આવ્યો છે, જ્ઞાનના વ્યક્ત અંશમાં–પરિણમનમાં એમ જેણે જાણ્યું છે તે રાગને અને બંધને જાણે છે પણ તે રાગને કરતો કે વેદતો નથી. શુદ્ધજ્ઞાનપરિણત સાધક જીવ બંધને જાણે છે, રાગ આવે, રાગ હોય પણ તેની જ્ઞાનદશામાં તે જણાય છે. ધર્મી બંધને પણ જાણે ને મોક્ષને પણ જાણે, રાગનો અભાવ થાય તેને જાણે પણ રાગના અભાવને કરે નહીં. ધર્મી જીવ મોક્ષને કરે એમ પણ નથી, મોક્ષને જાણે છે.

ભગવાન આત્મા પવિત્રપણે છે અને એવું પવિત્રપણું જેને અંશે પણ પર્યાયમાં

પ્રગટ થયું એ જીવ રાગ આવે તેને જાણે, તેને કરે પણ નહીં ને વેદે પણ નહીં. બંધને જાણે છે ને મોક્ષને પણ જાણે છે, કરતો નથી. શક્તિ અપેક્ષાએ જ્ઞાનસ્વરૂપ છું એવું ભાન થઈને જેની દશામાં જ્ઞાન ને આનંદની દશા વ્યક્ત થઈ છે એવો ધર્મી જીવ માત્ર બંધને ને મોક્ષને જાણે છે, એટલું જ નહીં પણ શુભ અને અશુભભાવ કે જે ધર્મના નિમિત્તે થાય તેને પણ જાણે છે, પરંતુ કરતો-વેદતો નથી. સાધકને હજુ બાધકભાવ છે તેને તે જાણે છે, રાગ થાય તેને જાણે છે અને રાગ ટળે તેને પણ જાણે છે. જ્ઞાનસ્વરૂપ ભગવાન છે તે જ્ઞાન સિવાય બીજું શું કરે? – માત્ર જાણે.

*** માત્ર બંધ-મોક્ષને નહિ, કર્મોદય તથા નિર્જરાને પણ જ્ઞાની જાણે છે. ***

ભગવાન તો જ્ઞાનચક્ષુ છે, ચૈતન્યમૂર્તિ છે, તે તો ચક્ષુની માફક પરથી ભિન્ન રહીને દૂરથી પરને જાણે છે. ધર્મી એકલા બંધ-મોક્ષને જાણે છે એમ નહીં પણ કર્મના ઉદયને પણ જાણે છે. ધર્મીને પણ હજી શુભ અને અશુભ રાગ હોય છે, તેને તે જાણે છે અને તે રાગ ટળે તેને પણ ધર્મી જાણે છે, તેને ટાળતો નથી કેમ કે જ્ઞાનચક્ષુ જાણવા સિવાય બીજું શું કરે?

પ્રશ્નઃ- જ્ઞાન જ્ઞાનને તો કરેને?

સમાધાનઃ- એકલા જ્ઞાનને ન પકડે, આખા આત્માને અનુભવે; જ્ઞાન-પ્રધાન કથન છે પણ જ્ઞાન સાથે બધી શક્તિના નિર્મળ પરિણામ વડે પરિણમે છે.

સ્વરૂપનો અનુભવ થયો છે, પ્રજ્ઞાબ્રહ્મનું જ્ઞાન ને અનુભવ થયો છે પણ રાગ ગયો નથી એવો સાધક જીવ શું કરે છે? – કે તેને રાગ આવે તેને જાણે છે, મોક્ષ થાય છે તેને જાણે છે. ચોથા-પાંચમાં ગુણસ્થાનવાળો સમ્યગ્દૃષ્ટિ જીવ બંધને જાણે છે. સાધક જીવને રાગ હોય તેને તે જાણે, તેમ મોક્ષને જાણે તથા કર્મ છૂટે તેને પણ જાણે, કર્મને છોડે નહીં, એટલું તો ઠીક પણ શુભ-અશુભ ભાવ હોય તેને પણ જાણે છે. ચોથા ગુણસ્થાનવાળા સમ્યગદૃષ્ટિને રૌદ્ર ધ્યાન આવે તેને જાણે છે. એટલું જ નહીં સવિપાક-અવિપાકરૂપ અને સકામ-અકામરૂપ નિર્જરાને પણ જાણે છે.

સવિપાક – અવિપાક તથા સકામ – અકામ નિર્જરાને જાણે એટલે શું? – કે સ્થિતિ પૂરી થતાં કર્મના રજકણો ઉદયમાં આવીને ખરી જાય તે સવિપાક નિર્જરા છે, તેનો કર્તા જ્ઞાની નથી. અને પુરુષાર્થની ઉગ્રતાથી કર્મ ઉદયમાં આવ્યા વિના ખરી જાય તે અવિપાક નિર્જરા છે તેનો પણ કર્તા જ્ઞાની નથી. જીવના પુરુષાર્થ તપ વગેરે દ્વારા જે નિર્જરા થાય તે સકામ-નિર્જરા છે અને ઇચ્છા ન હોવા છતાં ક્ષુધા-તૃષા આદિ સમતાભાવે સહન

કરવા તે અકામનિર્જરા છે. સકામ – અકામ નિર્જરાનો પણ કર્તા જ્ઞાની નથી, જ્ઞાની તો તેને માત્ર જાણે છે.

*** બંધ-મોક્ષના કારણ અને પરિણામથી શૂન્ય પરમ-પારિણામિકભાવ ***

સર્વ વિશુદ્ધ-પારિણામિક-પરમભાવગ્રાહક શુદ્ધ-ઉપાદાનભૂત શુદ્ધ-દ્રવ્યાર્થિકનયે જીવ કર્તૃત્વ-ભોકતૃત્વથી તથા બંધ-મોક્ષના કારણને પરિણામથી શૂન્ય છે એમ સમુદાયપાતનિકામાં કહેવામાં આવ્યું હતું. પછી ચાર ગાથા દ્વારા જીવનું અકર્તૃત્વગુણના વ્યાખ્યાનની મુખ્યતાથી સામાન્ય વિવરણ કરવામાં આવ્યું. ત્યાર પછી ચાર ગાથા દ્વારા 'શુદ્ધને પણ જે પ્રકૃતિ સાથે બંધ થાય છે ને અજ્ઞાનનું માહાત્મ્ય છે' એમ અજ્ઞાનનું સામર્થ્ય કહેવારૂપે વિશેષ વિવરણ કરવામાં આવ્યું × × × - ગુજરાતી ટીકા

હવે પોતાનું કાયમી સ્વરૂપ અને સમ્યગ્દર્શનનો વિષય–સમ્યગ્દર્શનનું ધ્યેય એવો આત્મા કેવો છે? – કે એ તો સર્વવિશુદ્ધ વસ્તુ છે, પારિણામિક એટલે કે સહજભાવ, પરમભાવ વસ્તુ છે. ભગવાન સર્વવિશુદ્ધ પારિણામિકભાવ છે. પારિણામિક એ પરમભાવ છે, તેને જાણનારી શુદ્ધ ઉપાદાનભૂત શુદ્ધદ્રવ્યાર્થિકનયે ત્રિકાળી પરમ સ્વભાવભાવ કર્તૃત્વ–ભોકતૃત્વથી રહિત છે. સર્વવિશુદ્ધ પારિણામિક એવા પરમભાવને જાણનારી શુદ્ધદ્રવ્યાર્થિકનયે ભગવાન આત્મા વ્યવહારનો કર્તા ને વ્યવહારનો ભોક્તા નથી, વ્યવહાર એટલે શુભરાગનો શુદ્ધ–ઉપાદાનથી કર્તા–ભોક્તા તો નથી પણ બંધ–મોક્ષના કારણથી ને પર્યાયથી પણ ભગવાન આત્મા શૂન્ય છે.

ભગવાન ત્રિકાળી ચૈતન્યદળ આનંદકંદ પ્રભુ બંધને બંધના કારણથી ભિન્ન છે. સમ્યગ્દ્રષ્ટિ પણ બંધ ને બંધના કારણથી શૂન્ય છે, કેમ કે સમ્યગ્દ્રષ્ટિનો વિષય બંધ ને બંધના કારણથી રહિત ત્રિકાળી ચૈતન્યઘન છે. ત્રિકાળી દ્રવ્ય જેનું પ્રયોજન છે એવી દ્રવ્યાર્થિકનયથી જોતા ભગવાન આત્મા બંધથી ને બંધના કારણથી રહિત છે અને મોક્ષને મોક્ષના કારણથી શૂન્ય છે. ત્રિકાળી આત્મા એ દશાને–બંધ ને બંધના કારણની દશાને કરતો નથી, કેમ કે ત્રિકાળી ભગવાન તે પરિણામથી શૂન્ય છે. અરે! મોક્ષ ને મોક્ષના કારણથી પણ ધ્રુવ ભગવાન શૂન્ય છે, કેમ કે તે પર્યાય છે. નિશ્ચયરત્નત્રયના પરિણામરૂપ મોક્ષમાર્ગ અને કેવળજ્ઞાન ને સિદ્ધદશારૂપ મોક્ષના પરિણામનો કર્તા ધ્રુવ નથી. બંધ–મોક્ષના

કારણ અને બંધ-મોક્ષના પરિણામ તે પર્યાય છે, તે ગુણ નથી, અરિહંતદેવને કેવળજ્ઞાન થાય તે પરિણામ છે, પર્યાય છે તેથી તેનો કર્તા ત્રિકાળી દ્રવ્ય નથી.

ત્રિકાળી દ્રવ્ય મિથ્યાત્વ, અવ્રત આદિને કરતું નથી, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામને દ્રવ્ય કરતું નથી તેમ બંધ થાય તેને દ્રવ્ય કરતું નથી અને કેવળજ્ઞાનના પરિણામને દ્રવ્ય કરતું નથી. સમ્યગ્દર્શનનો વિષય જે દ્રવ્યસ્વભાવ-ધ્રુવવસ્તુ તે કેવળજ્ઞાનના પરિણામને પણ કરતું નથી, કેમ કે ધ્રુવવસ્તુ બંધ ને મોક્ષના કારણ ને પરિણામથી શૂન્ય છે.

## સમ્યગ્દર્શનનો વિષય ઉત્પાદ - વ્યયને કરતું નથી

ભગવાન આત્મા કે જેને આત્મા કહીયે તે ધ્રુવ આત્મા મોક્ષના પરિણામને કરે નહીં. સમ્યગ્દ્રષ્ટિના ધ્યેયમાં જે ધ્રુવ વસ્તુ છે કે જેમાં ઉત્પાદ-વ્યયનો અભાવ છે તે ઉત્પાદ-વ્યયની પર્યાયને કરતું નથી. સમ્યગ્દર્શનનો વિષય જે ધ્રુવ છે તે મોક્ષને ને મોક્ષમાર્ગને કરતું નથી. ત્રિકાળી ધ્રુવ વસ્તુ મોક્ષને પણ કરે નહીં ને તેના કારણરૂપ મોક્ષમાર્ગને પણ કરે નહીં, મિથ્યાત્વ આદિ ભાવબંધને કરે નહીં ને બંધના કારણરૂપ વિકારી પરિણામને પણ કરે નહીં, કારણ કે પલટતી દશાને - ઉત્પાદ-વ્યયને ધ્રુવ કરતું નથી.

પ્રભુ તો ચૈતન્યઘન છે જેમાં મોક્ષને મોક્ષમાર્ગનું કરવું નથી, બંધ ને બંધના કારણનું કરવું નથી. બંધ-મોક્ષના કારણ અને બંધ-મોક્ષના પરિણામથી સમ્યગ્દર્શનનો વિષય ધ્રુવ ભગવાન શૂન્ય છે. સમ્યગ્દર્શનના પરિણામથી પણ ત્રિકાળી ધ્રુવ શૂન્ય છે. ઉત્પાદ-વ્યય તો પરિણામ છે, તેને દ્રવ્ય સ્પર્શતું જ નથી તો કરે શી રીતે? બંધના પરિણામને અને બંધના કારણને કેમ કરે? -શુદ્ધ શક્તિ છે તે અશુદ્ધતાને કઈ રીતે કરે? અરે! શુદ્ધ શક્તિ છે તે શુદ્ધતાને પણ કરતી નથી. પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી ને દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી. મોક્ષમાર્ગની પર્યાયને પણ દ્રવ્ય સ્પર્શતું નથી. અવ્યક્ત (દ્રવ્ય) વ્યક્તને (પર્યાયને) સ્પર્શતું નથી તેમ શ્રી સમયસારની ૪૯ મી ગાથામાં અવ્યક્તના બોલમાં કહ્યું છે તથા શ્રી પ્રવચનસારની ૧૭૨ મી ગાથામાં અલિંગગ્રહણના બોલમાં એમ કહ્યું કે દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી અને પર્યાય ધ્રુવને સ્પર્શતી નથી કેમ કે દ્રવ્ય અને પર્યાય બે સત્ છે તે એક સત્ બીજા સત્ ને શી રીતે કરે - સ્પર્શે? સમજાય એટલું સમજવું અને સમજીને રુચિ કરવી, સંસ્કાર નાખવા એ પહેલાં કરવાનું છે.

## અબંધસ્વરૂપ ભગવાનને બંધન કેમ?

ધ્રુવવસ્તુ રાગ તો ન કરે પણ ધર્મની દશાને પણ ન કરે. રાગ કર્તા ને ધર્મદશા

કાર્ય એમ તો છે જ નહિ પણ ધ્રુવ કર્તા ને ધર્મદશા કાર્ય એમ પણ નથી, એ સ્વતંત્ર છે પવિત્ર શુદ્ધ ભગવાન આત્મા છે તે રાગને સ્પર્શ્યો પણ નથી એવો અબંધસ્વરૂપ ધ્રુવ ભગવાન આત્મા હોવા છતાં તેને બંધ કેમ છે? – કે તેને અબંધસ્વરૂપ વસ્તુનો મહિમા નથી, જ્ઞાન નથી તેથી તે અજ્ઞાનનો મહિમા છે. પવિત્ર શુદ્ધ ચૈતન્ય ભગવાનને બંધ કેમ? – કે પવિત્ર વસ્તુનું જ્ઞાન નથી તેથી તે અજ્ઞાનની મહિમાનો બંધ છે.

## * ઔપશમાદિક પાંચ ભાવોમાં મોક્ષનું કારણ કોણ ? *

વળી વિશેષ કહેવામાં આવે છેઃ-

ઔપશમિકાદિ પાંચ ભાવોમાં કયા ભાવથી મોક્ષ થાય છે તે વિચારવામાં આવે છે.

ત્યાં ઔપશમિક, ક્ષયોપશમિક, ક્ષાયિક અને ઔદયિક એ ચાર ભાવો પર્યાયરૂપ છે અને શુદ્ધ પારિણામિક (ભાવ) દ્રવ્યસ્વરૂપ છે. એ પરસ્પર સાપેક્ષ એવું દ્રવ્યપર્યાયદ્વય (દ્રવ્ય અને પર્યાયનું જોડકું) તે આત્મ-પદાર્થ છે.

ત્યાં, પ્રથમ તો જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ એમ ત્રણ પ્રકારના પારિણામિક ભાવોમાં, શુદ્ધજીવત્વ એવું જે શક્તિલક્ષણ પારિણામિકપણું તે શુદ્ધદ્રવ્યાર્થિકનયાશ્રિત હોવાથી નિરાવરણ અને 'શુદ્ધપારિણામિકભાવ' એવી સંજ્ઞાવાળું જાણવું; તે તો બંધ-મોક્ષપર્યાયપરિણતિ રહિત છે. પરંતુ જે દશપ્રાણરૂપ જીવતત્ત્વ અને ભવ્યત્વ અભવ્યત્વદ્વય તે પર્યાયાર્થિક-નયાશ્રિત હોવાથી 'અશુદ્ધપારિણામિકભાવ' સંજ્ઞાવાળા છે.

પ્રશ્નઃ- 'અશુદ્ધ' કેમ ? ઉત્તરઃ- સંસારીઓને શુદ્ધનયથી અને સિદ્ધોને તો સર્વથા જ દશપ્રાણરૂપ જીવતત્ત્વનો અને ભવ્યત્વ-અભવ્યત્વદ્વયનો અભાવ હોવાથી. - ગુજરાતી ટીકા

હવે વિશેષ એટલે કે ખાસ કહેવામાં આવે છે કે ઉપશમાદિ પાંચ ભાવોમાંથી કયા ભાવે આત્માને પૂર્ણાનંદની દશારૂપ મોક્ષ થાય.

ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક, પારિણામિક તથા ઉદય – એ પાંચ ભાવોમાં શુદ્ધ પારિણામિક ભાવ તે ધ્રુવ છે, તે દ્રવ્યરૂપ છે અને બીજા ચાર ભાવો પર્યાય છે. ઉદયભાવ

છે તે વિકારી ભાવ છે અને બીજી ત્રણ પર્યાયો છે તે રાગ રહિત નિર્મળ છે. ઉદયભાવ તે રાગ છે તે મોક્ષનું કારણ નથી પણ ઉપશમ આદિ ત્રણ ભાવો જે રાગ રહિત નિર્મળ પર્યાય છે તે મોક્ષનું કારણ છે એમ અહીં કહેવું છે.

પાંચ ભાવોમાં જે શુદ્ધ પારિણામિકભાવ તે દ્રવ્યસ્વરૂપ છે અને બીજા ચાર ભાવો પર્યાયરૂપ છે અને તેનું જોડકું આત્મા-પદાર્થ છે. ત્રિકાળી દ્રવ્ય તે પારિણામિકભાવ અને બીજી ચાર પર્યાય-તેનું જોડકું તે પ્રમાણનો આત્મા છે. દ્રવ્ય-પર્યાયનું જોડકું તે પ્રમાણનો આત્મા છે, તે નિશ્ચયનો આત્મા નથી.

## * બંધમોક્ષપર્યાયપરિણતિ રહિત શુદ્ધ પારિણામિકભાવ *

પ્રથમ તો જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ એ ત્રણ પ્રકારના પારિણામિક ભાવ છે. એ ત્રણ પ્રકારના પારિણામિકભાવમાં શુદ્ધજીવત્વ શક્તિલક્ષણ ત્રિકાળ પારિણામિકપણું છે. તે શુદ્ધ દ્રવ્યાર્થિકનયાશ્રિત હોવાથી ત્રિકાળ નિરાવરણ છે, જેમાં ચાર પ્રકારની પર્યાય પણ નથી તેમાં આવરણ શેનું હોય?

જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ એ ત્રણ પ્રકારના પારિણામિકભાવમાં શુદ્ધ જીવત્વશક્તિ ત્રિકાળ છે. એ ત્રણમાં જે ત્રિકાળી શુદ્ધશક્તિ છે-ધ્રુવ તે શુદ્ધજીવત્વ શક્તિલક્ષણ પારિણામિકપણું છે. ચાર પ્રકારની પર્યાય વિનાની ત્રિકાળી વસ્તુ કે જે સમ્યગ્દર્શનનો વિષય છે, ધર્મનું ધ્યેય એવી જે ત્રિકાળી ચીજ છે તે શુદ્ધ દ્રવ્યાર્થિકનયાશ્રિત હોવાથી નિરાવરણ છે.

ઉત્પાદ-વ્યયરૂપ ઉપશમાદિ ચાર પર્યાયો વિનાની ત્રિકાળી વસ્તુ શુદ્ધ છે. ઉદય છે તે મલિન ઉત્પાદ-વ્યયવાળી પર્યાય છે અને ઉપશમ આદિ ત્રણ ભાવો નિર્મળ ઉત્પાદ-વ્યયવાળી પર્યાય છે, મલિન ને નિર્મળ ઉત્પાદ-વ્યયથી રહિત શુદ્ધ જીવવસ્તુ છે તે શુદ્ધ-પારિણામિકભાવ સંજ્ઞાવાળું છે-તે શુદ્ધપારિણામિકભાવ છે.

## * જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ 'અશુદ્ધપારિણામિકભાવ' છે *

જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વમાં દશપ્રાણરૂપ જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ એ ત્રણે પર્યાયનય આશ્રિત છે. દશભાવપ્રાણે આત્મા જીવે તે વ્યવહારઆશ્રિત પર્યાયનયનું કથન છે. દશભાવપ્રાણથી જીવે તે અશુદ્ધ પારિણામિકભાવથી કહેવામાં આવ્યું છે અને ભવ્યત્વ, અભવ્યત્વ તે પર્યાયનયને આશ્રિત છે. ભવ્યત્વ, અભવ્યત્વ ત્રિકાળીમાં નથી પણ તે પર્યાયને આશ્રિત છે. જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વમાં જે ત્રિકાળી વસ્તુ છે તે પરમ શુદ્ધ સ્વભાવ ભાવથી ભરેલી છે. જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ એ ભેદો છે. તે પર્યાયનયાશ્રિત

હોવાથી 'અશુદ્ધપારિણામિકભાવ' સંજ્ઞાવાળા છે – અશુદ્ધ પારિણામિક નામ વાળા છે.

પ્રશ્નઃ– ભવ્યત્વ, અભવ્યત્વ અને દશભાવપ્રાણરૂપ જીવત્વ અશુદ્ધ કેમ ?

ઉત્તરઃ– તેઓ શુદ્ધનયથી સંસારીને છે જ નહીં, ભવ્યત્વ આદિ તો પર્યાયનયથી કહ્યું છે ને વસ્તુ તો ત્રિકાળ છે, તેમાં દશભાવપ્રાણ, ભવ્યત્વ, અભવ્યત્વ આદિ નથી. અશુદ્ધ ભાવપ્રાણ, ભવ્યત્વ, અભવ્યત્વ ત્રિકાળીમાં છે જ નહીં. વળી સિદ્ધને તો તેઓ સર્વથા જ નથી, પર્યાયમાં પણ નથી. સંસારીને વસ્તુમાં અને સિદ્ધને તો વસ્તુમાં ને પર્યાયમાં બન્નેમાં તેઓ નથી. સંસારી દરેક પ્રાણીને પર્યાય દ્રષ્ટિએ જોઈએ તો દશ ભાવપ્રાણ છે તે શુદ્ધનયથી વસ્તુમાં છે જ નહીં અને સિદ્ધોને તે સર્વથા નથી તેથી તેમને અશુદ્ધ કહ્યાં.

## * ભવ્યત્વશક્તિની વ્યક્તિ થતાં પ્રતીતમાં શું આવે છે ? *

**તે ત્રણમાં, ભવ્યત્વલક્ષણ પારિણામિકને તો યથાસંભવ સમ્યક્ત્વાદિ જીવગુણોનું ઘાતક 'દેશઘાતી' અને 'સર્વઘાતી' એવા નામવાળું મોહાદિકર્મસામાન્ય પર્યાયાર્થિકનયે ઢાંકે છે એમ જાણવું. ત્યાં, જ્યારે કાળાદિ લબ્ધિના વશે ભવ્યત્વશક્તિની વ્યક્તિ થાય છે ત્યારે આ જીવ સહજ-શુદ્ધ-પારિણામિકભાવલક્ષણ નિજપરમાત્મ-દ્રવ્યનાં સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-અનુચરણરૂપ પર્યાયે પરિણમે છે; તે પરિણમન આગમભાષાથી 'ઔપશમિક', ક્ષાયોપશમિક' તથા 'ક્ષાયિક' એવા ભાવત્રય કહેવાય છે, અને અધ્યાત્મભાષાથી 'શુદ્ધાત્માભિમુખ પરિણામ', 'શુદ્ધોપયોગ' ઇત્યાદિ પર્યાયસંજ્ઞા પામે છે.**

**- ગુજરાતી ટીકા**

એ ત્રણમાં ભવ્યત્વલક્ષણ પારિણામિકને યથાસંભવ સમકિત આદિ જીવની નિર્મળ પર્યાયનું ઘાતક દેશઘાતિ–ભાવદેશઘાતિ અને સર્વઘાતિ–ભાવસર્વઘાતિ એવા નામવાળું મોહકર્મ પર્યાયનયે ઢાંકે છે પણ વસ્તુમાં તો છે નહીં, ત્યાં કાળાદિ પાંચે લબ્ધિના વશે–કાળાદિ પાંચે લબ્ધિની પ્રાપ્તિના કાળે ભવ્યત્વ શક્તિની વ્યક્તિ થાય છે. ભવ્યત્વશક્તિ એટલે કે જે મોક્ષની લાયકાત છે તે શક્તિની વ્યક્તિ પર્યાયમાં થાય છે. ત્યારે શું પ્રતીતમાં આવ્યું ? શું જ્ઞાનમાં આવ્યું ? –કે સ્વભાવિક સહજ શુદ્ધ–પારિણામિકલક્ષણ નિજપરમાત્મદ્રવ્ય પોતે જ છે – એમ પ્રતીતમાં આવે છે.

ભગવાન નિજપરમાત્મદ્રવ્ય કે જેમાં કેવળજ્ઞાનની પર્યાયનો પણ અભાવ, જેમાં મલિનતા ને પર પદાર્થોનો સર્વથા અભાવ અને અતીન્દ્રિય આનંદની પ્રગટ પર્યાયનો પણ જેમાં અભાવ છે એવો નિજપરમાત્મદ્રવ્ય પોતે છે, પણ અરે! એણે એના ગાણા સાંભળ્યા નથી. જો વસ્તુ પરમાત્મદ્રવ્ય ન હોય તો પર્યાયમાં પરમાત્મપણું આવશે ક્યાંથી? અહીં તો કહે છે કે કાળાદિ પાંચે સમવાયોની પ્રાપ્તિના કાળે જ્યારે ભવ્યશક્તિની વ્યક્તિ થાય છે ત્યારે સહજ-શુદ્ધ-પરમપારિણામિકભાવલક્ષણ એવા નિજપરમાત્મદ્રવ્યના આચરણરૂપ પર્યાયે પરિણમે છે.

## * ભવ્યત્વશક્તિની વ્યક્તિ ક્યારે થાય ? *

જ્યારે કાળાદિ લબ્ધિના વસે એટલે કે આ આત્મા છે તે શુદ્ધ આનંદકંદ વસ્તુ છે પણ એના જ્ઞાન વિના આ બાળક આદિ શરીરની જે અવસ્થા છે તેને પોતાની માને છે કે હું યુવાન છું, હું વૃદ્ધ છું. પણ અરે પ્રભુ! એ તો દેહની દશા છે, એ તારામાં ક્યાં છે? પરંતુ અનાદિકાળથી પોતાના સ્વરૂપના સામર્થ્યના ભાન વિના પર તરફની દ્રષ્ટિથી ૮૪ લાખ યોનિમાં રખડે છે, ત્યાં દુઃખનો સ્વાદ છે, તે દુઃખી પ્રાણી છે; એ પ્રાણીને જ્યારે કાળાદિ લબ્ધિ પાકે એટલે કે પોતાના અંતર્મુખ પુરુષાર્થથી જે સમયે શુદ્ધિ પ્રગટી તે સ્વકાળ, જે ભાવ થવાનો હતો તે થયો તે નિયત, તે વખતે શુદ્ધિરૂપ ઉપશમ આદિ જે નિજ ભાવ થયો તે સ્વભાવ અને તે ભાવનું અંતર્મુખ પ્રયત્ન વડે પ્રગટવું થયું તે પુરુષાર્થ તથા તે વખતે કર્મનો અભાવ થયો તે નિમિત્ત- એમ કાળાદિ પાંચે સમવાયોની પ્રાપ્તિના કાળે ભવ્યત્વશક્તિની વ્યક્તિ થાય છે.

ભગવાન પૂર્ણાનંદ પ્રભુની સન્મુખ જાય છે ત્યારે યોગ્યતારૂપ જે ભવ્યત્વશક્તિ હતી એટલે કે ધર્મ પામવાની જે યોગ્યતા હતી તે વ્યક્ત થઈ. લીંડી પીપરમાં ૬૪ પોરી શક્તિ હતી તે ઘસવાથી વ્યક્ત થાય છે તેમ આ ભગવાન આત્મા પૂર્ણ આનંદથી ભરેલી વસ્તુ છે તેની સન્મુખ થતાં એટલે કે જે શક્તિ હતી તેનો સત્કાર અને આદર થતાં શક્તિરૂપ સ્વભાવ દશામાં વ્યક્તિરૂપ પ્રગટ થાય છે.

આ જીવ સહજ શુદ્ધ-પારિણામિકભાવલક્ષણ એટલે કે શુદ્ધ સહજ સ્વભાવભાવ લક્ષણથી લક્ષિત નિજપરમાત્મદ્રવ્ય છે, એવો પોતે છે, બહિરાત્મા કે અંતરાત્મા પર્યાયમાં છે તે નહીં પણ ભગવાન આનંદનો કંદ નિજપરમાત્મદ્રવ્ય પોતે છે. તેની સમ્યક્ શ્રદ્ધાપણે એટલે કે દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા કે એક સમયની પર્યાયની શ્રદ્ધાપણે નહીં પણ નિજ પરમાત્મદ્રવ્યની સમ્યક્ શ્રદ્ધાપણે ત્યારે - ભવ્યશક્તિની વ્યક્તિ થાય છે ત્યારે

પરિણમે છે, તેનું નામ સમ્યગ્દર્શન છે. નિજ પરમાત્મદ્રવ્ય પોતે પરિપૂર્ણ ભગવાન છે, તેની સ્વસન્મુખ થઈને થયેલું આત્માનું જ્ઞાન તે સમ્યક્જ્ઞાન છે.

આગમભાષાએ મોક્ષનું કારણ * ઉપશમ–ક્ષયોપશમ–ક્ષાયિકભાવ

અધ્યાત્મભાષાએ મોક્ષનું કારણ * શુદ્ધોપયોગ–શુદ્ધાત્મભિમુખ પરિણામ

સહજ–શુદ્ધ–પારિણામિકભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્યની સમ્યક્ શ્રદ્ધા–જેવું સત્ છે તેની સત્ય શ્રદ્ધા, સતનું સત્યજ્ઞાન તે સમ્યક્જ્ઞાન અને નિજપરમાત્મદ્રવ્યનું સમ્યક્ અનુસરણ એટલે કે આનંદના નાથને અનુસરીને તેમાં ઠરવું, તેને આત્મચારિત્ર –સમ્યક્ચારિત્ર કહે છે. સમ્યગ્દર્શન તે પર્યાય છે, સમ્યગ્જ્ઞાન તે પર્યાય છે, સમ્યક્ચારિત્ર તે પર્યાય છે. તે પર્યાયને આગમભાષાએ ત્રણ પ્રકારે કહેવાય છેઃ–

જેમાં વિકાર દબાઈ ગયો છે ને અંદર નિર્મળતા પ્રગટી છે તે દશા ઉપશમ છે. કંઈક નિર્મળતા છે ને કંઈક મલિનતાનો અંશ પણ છે એવી દશાને ક્ષયોપશમ કહે છે ને રાગનો બિલકુલ ક્ષય–નાશ થયો છે તેને ક્ષાયિક કહે છે. એ મોક્ષમાર્ગના ભાવને ઉપશમ–ક્ષયોપશમ–ક્ષાયિક એ ત્રણ ભાવે કહેવાય છે.

એ રીતે સ્વભાવ સન્મુખ થતાં ભવ્યત્વશક્તિની વ્યક્તિ થાય છે ત્યારે આ જીવ નિજપરમાત્મદ્રવ્યના સમ્યક્શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રરૂપ પર્યાયે પરિણમે છે ને તે પરિણમનને આગમભાષાએ ઔપશમિક, ક્ષયોપશમિક તથા ક્ષાયિક ભાવ કહે છે. ભગવાન આત્મા ત્રિકાળ છે, તે પરમપારિણામિકભાવ છે પણ તેની સન્મુખ થતાં જે પર્યાય થાય તે આગમભાષાએ ઉપશમ–ક્ષયોપશમ–ક્ષાયિક ભાવ છે અને તે મોક્ષનું કારણ છે. તે ત્રણે ભાવો રાગથી રહિત છે તેથી મોક્ષનું કારણ છે અને તે ભાવત્રયને અધ્યાત્મભાષાએ 'શુદ્ધોપયોગ, ' 'શુદ્ધાત્માભિમુખ પરિણામ' ઇત્યાદિ કહે છે.

પરમાત્મા ફરમાવે છે કે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ પર્યાય છે તે શુદ્ધાત્માભિમુખના પરિણામ છે, એટલે કે સ્વભાવની સન્મુખતા ને રાગની વિમુખતા –ઉદયભાવની વિમુખતાના પરિણામને મોક્ષમાર્ગના પરિણામ કહેવાય છે, તેને આગમભાષાએ ઉપશમાદિ ને અધ્યાત્મભાષાએ શુદ્ધોપયોગ, શુદ્ધાત્માભિમુખ પરિણામ કહે છે.

## * મોક્ષનો એક માત્ર ઉપાય - શુદ્ધોપયોગ *

પરથી વિમુખ એટલે? – કે ચાહે તો સર્વજ્ઞદેવ હોય તેનાથી પણ વિમુખ –ભગવાન પ્રત્યેના રાગથી વિમુખ ને રાગને જાણનારી એક સમયની વ્યક્ત પર્યાય તેનાથી વિમુખ ને

શુદ્ધાત્માની સન્મુખના પરિણામ તે મોક્ષમાર્ગ છે. જેણે વર્તમાન પર્યાયને શુદ્ધદ્રવ્યની અભિમુખ કરી છે તેને આગમભાષાએ ત્રણ પ્રકારના ભાવ કહે છે અને અધ્યાત્મભાષાએ શુદ્ધોપયોગ કહે છે તે મોક્ષમાર્ગ છે. ઉદયભાવ દયા-દાન આદિના ભાવ તે પરસન્મુખના ભાવ છે, તે ભાવ ધર્મ નથી તેમ જ તે ધર્મનું કારણ નથી. સ્વદશા કે જેની દિશા શુદ્ધાત્મદ્રવ્ય તરફ છે તે મોક્ષમાર્ગ ને મોક્ષનું કારણ છે.

પરમભાવ સ્વરૂપ ત્રિકાળી નિજપરમાત્મદ્રવ્યની સન્મુખનો ભાવ તે શુદ્ધોપયોગ છે અને શુદ્ધોપયોગ તે મોક્ષમાર્ગ છે, એમ કહેતાં વ્યવહારરત્નત્રય તે મોક્ષમાર્ગ નથી તેમ આવી ગયું. ભગવાન શુદ્ધાત્મ પ્રભુ ત્રિકાળી આનંદનો નાથ છે તેની પ્રતીતિ, જ્ઞાન ને તેનું આચરણ તેને શુદ્ધોપયોગ કહે છે, તેને મોક્ષનો માર્ગ કહે છે. તેને વીતરાગતા કહે છે. પૂર્ણાનંદ પ્રભુના શ્રદ્ધા-જ્ઞાન-રમરણતાને શુદ્ધોપયોગ, શુદ્ધાત્મભિમુખના પરિણામ કહે છે, તે મોક્ષનો માર્ગ છે, તે મોક્ષનો ઉપાય છે તે સિવાય બીજો કોઈ મોક્ષનો ઉપાય નથી.

### * મોક્ષના કારણભૂત શુદ્ધોપયોગથી કથંચિત્ ભિન્ન ભગવાન આત્મા *

તે પર્યાય શુદ્ધપારિણામિકભાવલક્ષણ શુદ્ધાત્મદ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. શા માટે? ભાવનારૂપ હોવાથી. શુદ્ધપારિણામિક (ભાવ) તો ભાવનારૂપ નથી. જો (તે પર્યાય) એકાંતે શુદ્ધ-પારિણામિકથી અભિન્ન હોય, તો મોક્ષનો પ્રસંગ બનતાં આ ભાવનારૂપ મોક્ષકારણભૂત (પર્યાય) નો વિનાશ થતાં શુદ્ધપારિણામિકભાવ પણ વિનાશને પામે. પણ એમ તો બનતું નથી (કારણકે શુદ્ધપરિણામિકભાવ તો અવિનાશી છે). - ગુજરાતી ટીકા.

આત્મા શુદ્ધ ચૈતન્યઘન છે. તેને ઉપાદેય કરીને સ્વસન્મુખના સમ્યગ્દર્શન-જ્ઞાન -ચારિત્રના પરિણામ થાય તે મોક્ષનો માર્ગ છે, તે ધર્મ છે, તેને આગમભાષાએ ઉપશમ-ક્ષયોપશમ-ક્ષાયિક -એમ ત્રણ ભાવે કહેવામાં આવે છે. ચૈતન્ય પૂર્ણાનંદ ધ્રુવપ્રભુનો આશ્રય લઈને થયેલા ઉપશમ આદિ ભાવો કે જે મોક્ષનો માર્ગ છે તે ક્ષણિક છે ને પરમસ્વભાવ કે જે સમ્યગ્દર્શનનો વિષય છે, તેનાથી તે ભિન્ન છે. આનંદના નાથ પ્રભુની સન્મુખના ને પરથી વિમુખના જે પરિણામ છે તેને શુદ્ધોપયોગ કહ્યો છે, તે મોક્ષમાર્ગ છે અને તે આનંદના નાથથી ભિન્ન છે.

પુણ્ય-પાપના ભાવથી ભિન્ન એવું જે શુદ્ધ ચૈતન્ય તત્ત્વ છે તેની પ્રતીતિ, જ્ઞાન

અને તેનું અનુસરણ તેને આગમભાષાએ અને અધ્યાત્મભાષાએ અનેક નામે કહેવાય છે. દ્રવ્યસંગ્રહમાં તેને ૬૫ નામે કહ્યાં છે.

આત્મદ્રવ્યની સન્મુખની સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની પર્યાય કે જેને આગમભાષાએ ઉપશમ આદિ અને અધ્યાત્મભાષાએ શુદ્ધોપયોગ આદિ કહ્યાં તે પર્યાય શુદ્ધ પારિણામિકભાવલક્ષણ શુદ્ધાત્મતત્ત્વથી કથંચિત્ ભિન્ન છે. દયા–દાનાદિ વ્યવહારરત્નત્રયના પરિણામ તો મલિન છે, તેનાથી તો પ્રભુ ભિન્ન છે પણ જે મોક્ષનો માર્ગ–વીતરાગી પર્યાય કે જે સ્વદ્રવ્યને અવલંબીને પ્રગટેલી દશા છે તે દશા પણ ત્રિકાળી તત્ત્વથી કથંચિત્ ભિન્ન છે. રાગ એ તો દોષ છે, બંધનું કારણ છે તેનાથી ભગવાન આત્મા ભિન્ન છે. વ્યવહારરત્નત્રય છે તે ઉદયભાવ છે, ઉદયભાવ છે તે બંધનું કારણ છે, તે મોક્ષમાર્ગપણ નથી ને મોક્ષના માર્ગનું કારણ પણ નથી. પરંતુ મોક્ષનું કારણ, પૂર્ણાનંદના લાભનું કારણ એવો જે શુદ્ધોપયોગ તે શુદ્ધ પારિણામિકભાવરૂપ વસ્તુથી કથંચિત્ ભિન્ન છે. ત્રિકાળી સહજ પ્રભુ કે જે બદલતું નથી, પલટતું નથી, એવું જે ધ્રુવ છે તેને અહીં શુદ્ધપારિણામિક સ્વભાવભાવ કહેવામાં આવે છે, અને તે નિર્મળ પર્યાયથી કથંચિત્ ભિન્ન છે.

ઉદય ભાવમાં કર્મનો ઉદય નિમિત્ત છે, તે વિકાર છે તેથી તે બંધનું કારણ છે, ઉપશમ છે તે અણ ઉદયરૂપ દશા છે, તે પવિત્ર છે, પણ હજુ અંદર કર્મની સત્તા પડી છે, ક્ષયોપશમ છે તે મિશ્ર છે, કાંઈક નિર્મળતા છે ને કાંઈક મલિનતાનો અંશ છે ને ક્ષાયિકમાં કર્મના અભાવની અપેક્ષા આવે છે. ત્રિકાળી પારિણામિક ભાવ છે તેને કર્મની કોઈ અપેક્ષા નથી, બીજા ચાર ભાવોને તો કર્મના સદ્ભાવની કે અભાવની અપેક્ષા લાગુ પડે છે પણ ત્રિકાળી ચૈતન્ય પ્રભુને કર્મની હૈયાતીની કે કર્મના અભાવની અપેક્ષા લાગુ પડતી નથી. એ તો સહજ સ્વરૂપ ત્રિકાળ છે.

## * અપૂર્વ એવા સમ્યગ્દર્શનથી કથંચિત્ ભિન્ન વસ્તુ *

તારી ચીજ અંદર પડી છે તે આનંદનું દળ છે, જ્ઞાયકરસનો કંદ છે, સહજાનંદ પરમાત્મદ્રવ્ય છે. જે સહજ સ્વરૂપ ત્રિકાળ છે તે સમ્યગ્દર્શનનો વિષય છે, પણ સમ્યગ્દર્શનની પર્યાય સમ્યગ્દર્શનનો વિષય નથી. એવું અપૂર્વ સમ્યગ્દર્શન કે જે અનંતકાળમાં એક સેકંડ માત્ર પણ થયું નથી તે હવે પ્રગટ કર્યું છે તે પણ ત્રિકાળી ધ્રુવથી ભિન્ન છે.

બાપુ! ભગવાન પરમાત્મદ્રવ્ય છે, બધા આત્મા પરમાત્મદ્રવ્ય છે, તેને શરીરની અવસ્થાથી ન જો, રાગની અવસ્થાથી ન જો, નિર્મળ અવસ્થાથી પણ એને ન જો, નિર્મળ અવસ્થા તેમાં છે એમ એને–ત્રિકાળીને, ન જો. ન જો એટલે? – નિર્મળ અવસ્થાથી જો

પણ નિર્મળ અવસ્થા તેમાં છે એમ એને ન જો. પરમાત્મા જિનેશ્વરદેવ જન્મ-મરણના અંતની વાત આ કહે છે, એ તો અપૂર્વ છે. એક સમયની દશાની પાછળ આખું તત્ત્વ છે, ત્યાં આતમરામ બિરાજે છે પણ તેમાં કદી રમતો નથી ને પુણ્ય-પાપના ભાવની રમખાણ માંડી છે.

## * દ્રવ્યથી નિરપેક્ષપણે પર્યાયનું સ્વતંત્ર પરિણમન *

શુદ્ધોપયોગ-આનંદની દશાનું વેદન તે પણ કોઈ અપેક્ષાએ એટલે કે તે ત્રિકાળ ટકતું નથી એ અપેક્ષાએ શુદ્ધ પારિણામભાવથી ભિન્ન છે. સંવર અધિકારમાં કહ્યું છે કે પુણ્ય-પાપના ભાવ એટલે કે વ્યવહારરત્નત્રયનો જેટલો ભાવ છે તે આત્મામાં ક્ષેત્રથી ભિન્ન છે, ભાવ તો ભિન્ન છે પણ એના પ્રદેશો પણ ભિન્ન છે, કેમકે પ્રભુ આનંદનું દળ છે, તેમાંથી વિકાર ઉત્પન્ન થતો નથી તેથી તેનું ક્ષેત્ર ત્રિકાળીના ક્ષેત્રથી ભિન્ન છે. અસંખ્ય-પ્રદેશી પ્રભુમાં જે દયા-દાનના વિકલ્પ ઊઠે છે તે સ્વભાવથી તો ભિન્ન છે, પણ તે ક્ષેત્રથીયે ભિન્ન છે. ચિદ્‌વિલાસમાં તો એમ કહ્યું છે કે પર્યાય-પર્યાયને લઈને છે, દ્રવ્યને લઈને નહીં, મોક્ષનો માર્ગ છે તે પર્યાય છે. તે પર્યાયનો કર્તા પર્યાય, પર્યાયનું સાધન પર્યાય, પર્યાયનું કાર્ય પર્યાય, પર્યાયનું દાન દીધું તે પર્યાય, પર્યાયમાંથી પર્યાય થઈ ને પર્યાયના આધારે પર્યાય થઈ, દ્રવ્યના કારણે પર્યાય થઈ નથી.

## * ક્ષણિક પર્યાયથી કથંચિત્ ભિન્ન ત્રિકાળ ટકતું ધ્રુવતત્ત્વ *

અહીં તો કહે છે કે આનંદનો નાથ પ્રભુ નિજપરમાત્મદ્રવ્યથી નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય કથંચિત્ ભિન્ન છે, કેમ કે ત્રિકાળી તત્ત્વ કાયમી ટકતું તત્ત્વ છે ને આ એક સમયની પર્યાય ક્ષણિક છે. મોક્ષમાર્ગની પર્યાય છે ને ક્ષણિક સંપદા છે પણ જ્યાં પૂરી સંપદા પડી છે એવા નિત્યાનંદ પ્રભુ શુદ્ધાત્મદ્રવ્યથી મોક્ષની પર્યાય – આનંદના લાભની પર્યાય કથંચિત્ ભિન્ન છે. મોક્ષમાર્ગની પર્યાયથી મોક્ષ મળે તેમ કહેવું તે વ્યવહાર છે. મોક્ષની પર્યાય સ્વતંત્રપણે પોતે પોતાથી પોતાને પ્રાપ્ત કરે છે, મોક્ષમાર્ગના કારણે મોક્ષની પર્યાય થાય તેમ કહેવું તે વ્યવહાર છે. મોક્ષમાર્ગની તે પર્યાય પણ દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે.

## * વિષયી વિષયથી કથંચિત્ ભિન્ન શા માટે ? *

મોક્ષના માર્ગની પર્યાય કે જે અતીન્દ્રિય આનંદનો અપૂર્વ સ્વાદ તે પર્યાય છે; વ્યવહાર મોક્ષમાર્ગ તો કથનમાત્ર છે પણ જે સાચો મોક્ષમાર્ગ અંતરમાં પ્રગટયો તે શુદ્ધ ત્રિકાળી ભાવથી કથંચિત્ ભિન્ન છે કેમ કે મોક્ષમાર્ગની પર્યાયનો કાળ એક સમયનો

છે અને પારિણામિકભાવ ત્રિકાળી છે. મોક્ષના માર્ગની નિશ્ચય અવસ્થા–વીતરાગી પર્યાય કે જેના કારણે મોક્ષ થાય એમ કહેવાય એવી પર્યાય શુદ્ધ પારિણામિકભાવલક્ષણ શુદ્ધાત્મદ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. સમ્યગદર્શનની પર્યાય પણ કથંચિત્ ભિન્ન છે અને સમ્યગદર્શનની પર્યાય સમ્યગ્દર્શનનો વિષય નથી, સમ્યગ્દર્શનનો વિષય ધ્રુવ –ભૂતાર્થસ્વભાવ છે. સમ્યગ્દર્શન છે તે વિષયી છે ને ધ્રુવ ત્રિકાળી સ્વભાવ સત્યાર્થ છે તે વિષય છે, વિષયી છે તે વિષયથી કથંચિત્ ભિન્ન છે.

મોક્ષમાર્ગની પર્યાય શા માટે ભિન્ન છે? કથંચિત્ ભિન્ન કહો છો તેનું કારણ શું? – કે ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્ય ધ્રુવ તે ભાવરૂપ છે ને મોક્ષમાર્ગની પર્યાય છે તે ભાવનારૂપ છે. મોક્ષમાર્ગની પર્યાય ત્રિકાળી ભાવરૂપ નથી. મોક્ષમાર્ગની પર્યાય છે તે દ્રવ્યથી કથંચિત્ ભિન્ન કેમ છે? – કે તે ભાવનારૂપ છે, તે વર્તમાન ભાવનારૂપ છે પણ ત્રિકાળી ભાવરૂપ નથી. ત્રિકાળી પારિણામિકને ભાવ કહીએ, પારિણામિક કહીએ, ધ્રુવ કહીએ, સદ્રશ કહીએ અને આ પર્યાય છે તે વિસદ્રશ છે, કેમ કે તે ઉત્પન્ન–વ્યય –યુક્ત દ્વન્દ્વ છે, મોક્ષનો માર્ગ પણ ઉત્પન્ન–વ્યય–યુક્ત છે. એક સમયે ઉત્પન્ન થાય ને બીજા સમયે વ્યય થાય છે. ભાવરૂપ જે ત્રિકાળી ભગવાન, તેની સન્મુખ થઈને પ્રગટેલી દશા છે તે ભાવનારૂપ છે, ત્રિકાળી ભાવરૂપ નથી અને શુદ્ધ પારિણામિકભાવ છે તે ભાવનારૂપ નથી.

આ જે કહેવાય છે તે ભાષાના ભાવને પકડવો જોઈએ. શુદ્ધ પારિણામિકભાવ છે તે ભાવનારૂપ નથી, તે વર્તમાન પર્યાયરૂપ નથી, મોક્ષના કારણ રૂપ જે અબંધ પરિણામ છે તે ભાવનારૂપ છે ને ત્રિકાળ શુદ્ધ પારિણામિક તે ભાવનારૂપ નથી, એ તો ભાવ છે. રાગ તો ક્યાંય દૂર રહી ગયો પણ મોક્ષનો માર્ગ ભાવનારૂપ હોવાથી તે શુદ્ધ પારિણામિકભાવથી ભિન્ન છે.

## * મોક્ષમાર્ગની પર્યાયને પારિણામિકભાવ અભિન્ન હોય તો? *

મોક્ષનો માર્ગ વીતરાગી શુદ્ધોપયોગી પર્યાય એ જો શુદ્ધ પારિણામિકભાવથી એકમેક હોય તો, મોક્ષનો પ્રસંગ બનતા–મોક્ષ થતાં મોક્ષમાર્ગની પર્યાયનો વિનાશ થાય છે, જો આ ભાવના–મોક્ષમાર્ગ પારિણામિક સાથે અભિન્ન હોય, એકમેક હોય, તો મોક્ષની પર્યાય થતાં મોક્ષમાર્ગની પર્યાય નાશ થાય છે તેની સાથે દ્રવ્યનો નાશ થવો જોઈએ–દ્રવ્યનો નાશ થઈ જાય! જો તે પર્યાય ત્રિકાળીથી એકમેક હોય તો મોક્ષ થતાં એ પર્યાયનો તો નાશ થાય છે. સંવર, નિર્જરાની પર્યાય નાશવાન છે, કેવળજ્ઞાનની પર્યાય પણ નાશવાન છે, કેમ કે પર્યાય એક સમયની મુદ્દતની છે, પહેલે સમયે જે કેવળજ્ઞાન છે તે બીજે

સમયે ન રહી શકે, કેમ કે તે એક સમયની મુદતવાળી છે, ભગવાન આત્મા કાયમ રહેનાર અનાદિ અનંત છે.

શુદ્ધ ચૈતન્ય ભગવાન આત્માની સન્મુખના ઉપયોગરૂપ મોક્ષમાર્ગ ભાવનારૂપ હોવાથી જો તે ચૈતન્યના ત્રિકાળ સ્વભાવથી અભિન્નરૂપ હોય તો મોક્ષ થતાં એ પર્યાય નાશ થાય છે ત્યારે શુદ્ધ પારિણામિક પણ નાશ થાય. મોક્ષનો માર્ગ છે તે ભાવનારૂપ છે પણ ભાવરૂપ નથી, ત્રિકાળી ભાવના લક્ષે થયેલી તે ભાવના અને ભાવ એક નથી, જો એક હોય તો ભાવનાનો નાશ થઈને મોક્ષ થાય ત્યારે ભાવરૂપ પારિણામિક પણ નાશ થઈ જાય.

ભગવાન આત્મા પોતાના સ્વભાવથી પ્રત્યક્ષ જણાય એવી ચીજ છે પણ જે ચીજ જણાય છે તે જાણનારી પર્યાયથી કથંચિત્ ભિન્ન છે. કેમ કે જો અભિન્ન હોય તો તે પર્યાયનો નાશ થતાં દ્રવ્યનો પણ નાશ થઈ જાય. મોક્ષના કારણરૂપ મોક્ષમાર્ગની પર્યાય એમ અહીં કહ્યું છે પણ ખરેખર તો મોક્ષની પર્યાય છે તે મોક્ષના કારણભૂત મોક્ષમાર્ગથી પ્રગટતી નથી, કારણકે તે સમયની મોક્ષની પર્યાય ષટ્કારકના પરિણમનથી સ્વતંત્ર ઉત્પન્ન થાય છે, પૂર્વની મોક્ષમાર્ગની પર્યાયની બળજોરીથી ઉત્પન્ન થાય છે તેમ નથી. પરંતુ અહીં તો પર્યાય દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે તે વાત સમજાવવી છે તેથી મોક્ષનું કારણ ત્રિકાળી દ્રવ્ય નથી પણ મોક્ષમાર્ગની પર્યાય છે તેમ કહ્યું છે. જો મોક્ષમાર્ગની પર્યાય અને વસ્તુ અભિન્ન હોય તો વસ્તુ જ ન રહે, શુદ્ધ પારિણામિકભાવનો પણ નાશ થાય, પણ એમ તો બનતું નથી. કેમ કે સત્પણું છે તે ક્યાં જાય? અર્થાત્ શુદ્ધપારિણામિકભાવ તો અવિનશ્વર હોવાથી તેનો નાશ થતો નથી અને પર્યાય નાશ થઈ જાય છે તેથી શુદ્ધ પર્યાયથી દ્રવ્ય કથંચિત્ ભિન્ન છે.

*** ત્રિકાળીથી કથંથિત્ ભિન્ન એવી શુદ્ધ પર્યાય આશ્રય કરવા લાયક નથી ***

**માટે આમ ઠર્યું:- શુદ્ધપારિણામિકભાવવિષયક (-શુદ્ધપારિણામિકભાવને અવલંબનારી) જે ભાવના તે-રૂપ જે ઔપશમિકાદિક ત્રણ ભાવો તેઓ સમસ્ત રાગાદિથી રહિત હોવાને લીધે શુદ્ધ-ઉપાદાનકારણભૂત હોવાથી મોક્ષકારણ (મોક્ષનાં કારણ) છે, પરંતુ શુદ્ધપારિણામિક નહિ (અર્થાત્ શુદ્ધપારિણામિકભાવ મોક્ષનું કારણ નથી).**

**જે શક્તિરૂપ મોક્ષ છે તે તો શુદ્ધપારિણામિક છે, પ્રથમથી જ વિદ્યમાન છે. આ તો વ્યક્તિરૂપ મોક્ષનો વિચાર ચાલે છે.** - ગુજરાતી ટીકા.

માટે આમ ઠર્યું–શું ઠર્યું? – કે આત્મા ત્રિકાળ પારિણામિકસ્વભાવભાવ છે અને તેના લક્ષે જે મોક્ષમાર્ગ પ્રગટે છે તે પર્યાય પણ તેનાથી કથંચિત્ ભિન્ન છે. તેનો આશય એમ છે કે મોક્ષમાર્ગની પર્યાય ક્ષણિક હોવાથી કથંચિત્ ભિન્ન છે તેથી તેનો આશ્રય લેવા લાયક નથી. વસ્તુ નિજાનંદ પ્રભુ છે, સચ્ચિદાનંદ સ્વરૂપ છે, એ પરમસ્વભાવને પારિણામિકભાવ કહે છે. એ પારિણામિકભાવ મોક્ષનું કારણ નથી. ખરેખર તો મોક્ષની પર્યાયમાં સ્વદ્રવ્ય નિમિત્ત છે, ઉપાદાન નથી. મોક્ષમાર્ગ છે તે ત્રિકાળી સત્યાર્થના આશ્રયે પ્રગટે છે એટલે કે તેના લક્ષે પ્રગટે છે છતાં પ્રગટ થયેલી જે પર્યાય છે તે પર્યાય ત્રિકાળીથી ભિન્ન છે. રાગ તો ભિન્ન છે જ, તેની તો વાત પણ નથી, એ તો ઉદયભાવ છે, બંધનું કારણ છે, પરંતુ અહીં તો કહે છે કે જે નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય છે તે પણ દ્રવ્યસ્વભાવથી કથંચિત્ ભિન્ન છે.

## * વિકારનો કર્તા વિકારી પર્યાય-નિર્મળ પર્યાયનો કર્તા નિર્મળ પર્યાય *

ભગવાન પૂર્ણાનંદનો નાથ કે જેનું લક્ષ કરતાં, રાગની અપેક્ષા વિના નિરપેક્ષપણે સ્વતંત્રપણે ષટ્કારથી પર્યાયમાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રગટ થાય છે. અરે! રાગાદિ વિકાર કે મિથ્યાત્વના પરિણામ થાય છે એ પણ ષટ્કારના પરિણામથી સ્વતંત્રપણે થાય છે. મિથ્યાત્વભાવ થાય છે તેમાં કર્મના કારકોની અપેક્ષા નથી. મિથ્યાત્વનું પરિણમન ષટ્કારના પરિણમન વડે સ્વતત્રપણે થાય છે. મિથ્યાત્વભાવ છે તે વિકારીભાવ છે, તે પણ પોતાના ષટ્કારકોથી થાય છે, તેને કર્મની કે નિમિત્તની અપેક્ષા નથી. જ્યારે વિકારની પર્યાયને પણ – કે જે આત્માનો સ્વભાવ નથી, તેમજ કોઈ એવી શક્તિ નથી કે વિકારને કરે છતાં સ્વતંત્રપણે પોતાના એક સમયના ષટ્કારથી થાય છે, તો પછી જે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ નિશ્ચય મોક્ષમાર્ગની જે નિર્મળ પર્યાય છે તે પોતે એક સમયના ષટ્કારથી પરિણમન થઈને જ ઉત્પન્ન થાય. જે નિશ્ચય મોક્ષમાર્ગને ત્રિકાળી શુદ્ધ દ્રવ્યની પણ અપેક્ષા નથી તે વ્યવહાર રત્નત્રયના રાગથી થાય એમ કેમ બને?

મોક્ષનો માર્ગ પ્રગટયો તે પર્યાયને દ્રવ્યની પણ અપેક્ષા નથી અને વ્યવહારના કારકોની પણ અપેક્ષા નથી, એ તે ષટ્કારના પરિણમનથી સ્વતંત્રપણે ઉત્પન્ન થઈ છે. સમ્યગ્દર્શનની પર્યાયનો કર્તા પર્યાય, સમ્યગ્દર્શનની પર્યાયનું કાર્ય પર્યાય, પર્યાયનું કારણ પર્યાય, પર્યાયનું સાધન પર્યાય – એવી જે સમ્યગ્દર્શનની પર્યાય છે તે પણ ત્રિકાળ પરમ સ્વભાવભાવથી ભિન્ન છે. કેમ કે જે મોક્ષમાર્ગની પર્યાય છે તે જ્યારે મોક્ષ થાય છે ત્યારે નાશ પામે છે અને એ પર્યાય તથા ત્રિકાળી દ્રવ્ય જો અભિન્ન હોય તો પર્યાયનો નાશ થતાં પારિણામિક દ્રવ્યનો નાશ થાય, પણ ધ્રુવનો કદી નાશ થતો નથી.

શુદ્ધ પારિણામિક તો ત્રિકાળ અવિનાશી છે અને જે મોક્ષનો માર્ગ છે તે જ્યારે પરમાનંદનો પૂર્ણ લાભ એવો જે મોક્ષ થાય છે ત્યારે તેનો નાશ થાય છે, તેથી

મોક્ષમાર્ગની પર્યાય અને વસ્તુ જો એક હોય તો પર્યાયનો નાશ થતાં વસ્તુનો નાશ થાય. માટે મોક્ષનો માર્ગ એવી પર્યાય દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે.

## * દ્રવ્ય-સ્વભાવ નહીં, પણ ઉપશમ આદિ વીતરાગી ભાવ મોક્ષનું કારણ *

માટે આમ ઠર્યું કે શુદ્ધ પારિણામિકભાવ એવા ત્રિકાળી સહજાનંદ પ્રભુને અવલંબનારી જે ભાવના–ત્રિકાળી નિજાનંદ પ્રભુ તે ભાવ છે અને તેના લક્ષે–તેના અવલંબે જે નિશ્ચયમોક્ષનો માર્ગ પ્રગટે છે તે ભાવના છે, એવી ભાવનારૂપ ઉપશમ –ક્ષયોપશમ–ક્ષાયિક ભાવો સમસ્ત રાગાદિ રહિત છે. ઉપશમાદિ ભાવો સમસ્ત રાગાદિ રહિત છે એટલે કે કોઈ પણ રાગનો અંશ મોક્ષમાર્ગ હોઈ શકે નહીં. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે મોક્ષનો માર્ગ ન હોય, તે ઉદયભાવ છે, તેથી બંધભાવ છે અને જે આ ઉપશમાદિ ભાવો છે તેઓ સમસ્ત રાગાદિ રહિત હોવાથી મોક્ષમાર્ગ છે – મોક્ષનાં કારણ છે. મોક્ષમાર્ગ છે તે પર્યાય છે પણ તે બિલકુલ રાગાદિ રહિત છે. ચોથા ગુણસ્થાને જે સમ્યગદર્શન–જ્ઞાન–સ્વરૂપાચરણ પ્રગટયાં તે સમસ્ત રાગાદિ રહિત છે.

ઉપશમાદિ ભાવો સમસ્ત રાગાદિથી રહિત હોવાને લીધે શુદ્ધ–ઉપાદાનકારણભૂત હોવાથી તેઓ મોક્ષનાં કારણ છે. દ્રવ્યાર્થિકનયનો વિષય જે વસ્તુ છે તે ત્રિકાળી શુદ્ધ ઉપાદાન છે અને ઉપશમાદિ છે તે પર્યાયનું શુદ્ધ–ઉપાદાન છે. શુદ્ધ ઉપાદાન એટલે કે જેનાથી કારણ–કાર્ય ગ્રહણ થાય એ ઉપાદાન, પર્યાય પોતે કારણ ને પર્યાય પોતે કાર્ય માટે ઉપાદાન. રાગ થાય છે તે અશુદ્ધ ઉપાદાન છે, તે કર્મને લઈને નહીં પણ પોતાની પર્યાયને લઈને થાય છે અને આ મોક્ષનો માર્ગ વીતરાગી પર્યાય છે, તે વીતરાગી પર્યાય પોતે જ શુદ્ધ–ઉપાદાનકારણભૂત છે.

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનો વિષય ત્રિકાળી દ્રવ્ય છે, વર્તમાન પર્યાય ત્રિકાળીને અવલંબે છે. ધર્મની દશા રાગને અવલંબતી નથી; ધર્મની દશા રાગને તો અવલંબતી નથી, પણ પોતાની દશાને પણ અવલંબતી નથી, ધર્મની દશાનો વિષય તે પર્યાય પોતે નથી. તે પર્યાય છે તો પોતે સ્વતંત્ર, પણ તેનો વિષય પર્યાય નથી. નિયમસારમાં એમ કહ્યું કે ઉપશમાદિ ત્રણ ભાવો છે તેને પરભાવ, પરદ્રવ્ય કહીને હેય કહીએ. વ્યવહારરત્નત્રયનો રાગ તો હેય છે, પણ નિશ્ચય મોક્ષમાર્ગ એ ત્રિકાળીની અપેક્ષાએ પરભાવ છે એટલે કે પરદ્રવ્ય છે તેથી તે હેય છે. પણ અહીં તો કહે છે કે જે નિશ્ચયમોક્ષમાર્ગ છે તે સમસ્ત રાગાદિથી રહિત હોવાના લીધે શુદ્ધ–ઉપાદાનકારણભૂત હોવાથી એટલે કે તેને કોઈ નિમિત્ત કે વ્યવહાર મોક્ષમાર્ગ કારણભૂત નથી પણ ઉપશમાદિ ભાવો મોક્ષનાં કારણ છે.

## * વ્યવહારરત્નત્રયનો રાગ તે વીતરાગી મોક્ષનું કારણ નથી *

ત્રિકાળીના આશ્રયે જે ઉપશમાદિ થાય તેઓ સમસ્ત રાગાદિ રહિત છે અને તે શુદ્ધ–ઉપાદાનકારણભૂત છે, તે મોક્ષનું કારણ છે. વ્યવહારરત્નત્રયના પરિણામ તે રાગ છે, તેને અવલંબીને મોક્ષનો માર્ગ કેમ પ્રગટે ? ત્રિકાળી પૂર્ણાનંદના પડખે ચઢતા, રાગના પડખેથી

ખસતા, પ્રગટેલી વીતરાગી દશા તે શુદ્ધ-ઉપાદાનકારણભૂત છે, તેથી તે મોક્ષનું કારણ છે. મોક્ષનું કારણ કોણ ? – કે નિત્યાનંદ પ્રભુના આશ્રયે પ્રગટેલી દશા તે મોક્ષનું કારણ છે. પરંતુ શુદ્ધ-પારિણામિકભાવ મોક્ષનું કારણ નથી. ત્રિકાળી ધ્રુવ શુદ્ધસ્વભાવ છે તે મોક્ષનું કારણ નથી, પણ મોક્ષનો માર્ગ છે તે મોક્ષનું કારણ છે, મોક્ષમાર્ગની પર્યાય છે તે કારણ છે, ત્રિકાળી ધ્રુવ મોક્ષનું કારણ નથી. મોક્ષમાર્ગની પર્યાયનો પણ જેમાં અભાવ છે એવો શુદ્ધ-પારિણામિકભાવ મોક્ષનું કારણ નથી, પણ મોક્ષમાર્ગની જે નિર્મળ પર્યાય છે તે મોક્ષનું કારણ છે.

જે આ વ્યાખ્યા ચાલે છે તે પ્રગટ મોક્ષની દશાની વાત ચાલે છે, બાકી જે શક્તિરૂપ મોક્ષ છે એ તો ત્રિકાળ છે. અબંધ પારિણામક વસ્તુ ત્રિકાળી દ્રવ્યસ્વભાવ તો મુક્ત જ છે. શક્તિરૂપ છે એ તો શુદ્ધ-પારિણામિકભાવ છે, એ તો વિદ્યમાન છે. જે શક્તિરૂપ મોક્ષ છે તે તો ત્રિકાળ સ્વભાવભાવ છે, તે મોક્ષ કરવો છે કે તે મોક્ષ થયો છે તેમ નથી, પણ એ શક્તિરૂપ મોક્ષનો આશ્રય કરીને જે પર્યાય થાય તે વ્યક્તિરૂપ મોક્ષ છે. તે વ્યક્તિરૂપ મોક્ષ મોક્ષમાર્ગની પર્યાયથી પ્રાપ્ત થાય છે પણ દ્રવ્યથી પ્રાપ્ત થતો નથી. પર્યાય છે તે મોક્ષ પ્રગટ કરે છે, ત્રિકાળી ધ્રુવદ્રવ્ય મોક્ષને પ્રગટ કરતું નથી કે જડકર્મ મોક્ષને પ્રગટ કરતું નથી. ખરેખર તો શુદ્ધ-ઉપાદાનકારણભૂત હોવાથી મોક્ષનું કારણ કહ્યું એ પણ અપેક્ષિત છે. બાકી તો મોક્ષનો માર્ગ વ્યય થઈને મોક્ષની પર્યાય થાય એટલે કે કારણ જોર કરીને મોક્ષની પર્યાયને કરાવે છે એમ નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગની પર્યાય પરાણે હઠ કરીને મોક્ષની પર્યાયને કરાવે છે કે તમારે થવું પડયે. – એમ નથી.

## * અક્રિય વસ્તુમાં સમસ્ત ક્રિયાનો અભાવ *

એવી જ રીતે સિદ્ધાંતમાં કહ્યું છે કે 'निष्क्रिय: शुद्धपारिणामिक:' અર્થાત્ શુદ્ધપારિણામિક ( ભાવ ) નિષ્ક્રિય છે. નિષ્ક્રિયનો શો અર્થ છે ? ( શુદ્ધપારિણામિક ભાવ ) બંધના કારણભૂત જે ક્રિયા-રાગાદિ પરિણતિ, તે-રૂપ નથી અને મોક્ષના કારણભૂત જે ક્રિયા-શુદ્ધભાવનાપરિણતિ, તે-રૂપ પણ નથી. માટે એમ જાણવામાં આવે છે કે શુદ્ધપારિણામિકભાવ ધ્યેયરૂપ છે, ધ્યાનરૂપ નથી. શા માટે ? કારણકે ધ્યાન વિનશ્વર છે ( અને શુદ્ધ-પારિણામિકભાવ તો અવિનાશી છે ). શ્રી યોગીન્દ્રદેવે પણ કહ્યું છે કે 'ण वि उपज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेइ। जिउ परमत्थे जोइया जिणवर एउ भणेइ।। ' ( અર્થાત્ હે યોગી !! પરમાર્થે જીવ ઉપજતો પણ નથી, મરતો પણ નથી અને બંધ-મોક્ષ કરતો નથી - એમ શ્રી જિનવર કહે છે. ) - ગુજરાતી ટીકા.

આત્માનો જે ત્રિકાળી પારિણામિક ધ્રુવસ્વભાવ તેમાં તો મોક્ષનું કારણ નથી, જે દ્રવ્યવસ્તુ છે તે મોક્ષનું કારણ નથી, કારણકે તે તો અક્રિય વસ્તુ છે. મોક્ષમાર્ગનું જે પરિણમન થાય, દ્રવ્યમાં ડોકિયું કરતાં–દ્રવ્યમાં દૃષ્ટિ કરતાં જે સમ્યગ્દર્શન–જ્ઞાન –ચારિત્રરૂપ પરિણમન થાય તે પર્યાય છે, તે પર્યાય મોક્ષનું કારણ છે, વસ્તુ મોક્ષનું કારણ નથી, વસ્તુ તો ધ્રુવ છે.

શ્રી જયસેનાચાર્ય કહે છે કે ધવલાદિ સિદ્ધાંતમાં ક્યાંક કહ્યું છે કે ત્રિકાળી ધ્રુવવસ્તુ ઉત્પાદ–વ્યય વિનાની નિષ્ક્રિય છે, તેમાં મોક્ષના માર્ગની કે બંધમાર્ગની ક્રિયાઓ નથી. દ્રવ્ય છે તે અક્રિય છે, ઉત્પાદ–વ્યય–ધ્રુવ યુક્તમ્ સત્ વસ્તુમાં ઉત્પાદ–વ્યય વિનાની જે ધ્રુવવસ્તુ છે તે અક્રિય છે તેથી કોઈ પરિણમન, બદલવું કે મોક્ષમાર્ગની ક્રિયા તેમાં નથી. જે વસ્તુ છે તે નિષ્ક્રિય છે, અક્રિય છે અને જે નિશ્ચય મોક્ષમાર્ગ છે તે ક્રિયા છે. જે ધ્રુવ વસ્તુ છે તેના ઉપર દૃષ્ટિ નાખતાં સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્રરૂપ, વીતરાગી પરિણમન છે તે નિશ્ચય મોક્ષમાર્ગ છે, અને એ નિશ્ચય મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર છે.

જિનેશ્વરદેવ એમ કહે છે કે સ્વરૂપનો અનુભવ થઈને પ્રતીતિ થવારૂપ સમ્યક્દર્શન, સ્વસંવેદનજ્ઞાન અને સ્વરૂપ–આચરણરૂપ જે નિશ્ચય મોક્ષમાર્ગ કે જે અપૂર્વદશા છે તે પણ વ્યવહાર છે, કેમ કે પર્યાય છે તે વ્યવહાર છે અને દ્રવ્ય છે તે નિશ્ચય છે. દ્રવ્ય છે તે અક્રિય છે અને તે નિશ્ચય છે તથા નિશ્ચય મોક્ષમાર્ગને સાધવો તે વ્યવહાર છે કેમકે તે પર્યાય છે.

ભગવાન પૂર્ણાનંદનો નાથ તો નિષ્ક્રિય છે અર્થાત્ શુદ્ધ–પારિણામકભાવ નિષ્ક્રિય છે. ધ્રુવ કાયમી ટકતું તત્ત્વ, ઉત્પાદ–વ્યય વિનાનું નિષ્ક્રિય છે. નિષ્ક્રિય એટલે શું? –જડની ક્રિયા ન કરી શકે માટે નિષ્ક્રિય? – નિષ્ક્રિયનો અર્થ શું? – કે પુણ્ય–પાપના ભાવ જે બંધના કારણની ક્રિયા છે તે ક્રિયાથી રહિત છે માટે નિષ્ક્રિય છે. બંધના કારણની ક્રિયારૂપ રાગાદિની પરિણતિ તે પારિણામિકભાવમાં નથી, તે ક્રિયા પર્યાયમાં છે. પારિણામિકભાવને ભગવાન રાગાદિની પરિણતિથી રહિત છે, સમ્યગ્દર્શનનું ધ્યેય જે નિષ્ક્રિય દ્રવ્ય–વસ્તુ છે તે રાગાદિની બંધની ક્રિયાથી–પરિણતિથી રહિત છે.

## * ધ્યેયરૂપ નિષ્ક્રિય ધ્રુવમાં બંધ-મોક્ષના કારણભૂત ક્રિયાનો અભાવ *

બંધના કારણરૂપ ક્રિયા–રાગાદિ પરિણતિ, તે–રૂપ પારિણામિકભાવ નથી, સમ્યગ્દર્શનનો વિષય જે ધ્રુવ તે રાગાદિની ક્રિયાથી રહિત છે અને મોક્ષના કારણભૂત જે ક્રિયા–શુદ્ધભાવનારૂપ પરિણતિ, ત્રિકાળીધ્રુવ સ્વભાવની ભાવનારૂપ દશા,નિર્મળ પર્યાય તે

મોક્ષના કારણભૂત ક્રિયા છે તે પણ દ્રવ્યમાં નથી; સમ્યગ્દર્શનની ક્રિયા દ્રવ્યમાં નથી. સમ્યગ્દર્શનનો વિષય ધ્રુવ છે પણ તેમાં સમ્યગ્દર્શનની ક્રિયા નથી. આમ તો મોક્ષ અને બંધના પરિણામથી પણ રહિત દ્રવ્ય છે, પણ અત્યારે દ્રવ્યને નિષ્ક્રિય બતાવવું છે તેથી બંધના કારણભૂત ક્રિયા અને મોક્ષના કારણભૂત ક્રિયા ધ્રુવમાં નથી તેમ કહ્યું છે.

મોક્ષના કારણભૂત જે ક્રિયા, કઈ ક્રિયા ? –કે શુદ્ધ ભાવની પરિણતિ–પુણ્ય–પાપની પરિણતિ વિનાની વીતરાગી પરિણતિ તે મોક્ષના કારણભૂત ક્રિયા છે. ધ્રુવના ધ્યેયે પ્રગટેલી પરિણતિરૂપ ક્રિયા તે પણ દ્રવ્યમાં નથી.

બંધના કારણભૂત દયા, દાનના પરિણામરૂપ ક્રિયા છે તે દ્રવ્યમાં નથી અને મોક્ષના કારણભૂત શુદ્ધ પરિણતિરૂપ જે ક્રિયા છે તે ક્રિયા પણ દ્રવ્યસ્વભાવમાં નથી. માટે એમ જાણવામાં આવે છે કે શુદ્ધ, પારિણામિકભાવ ધ્યેયરૂપ છે પણ ધ્યાનરૂપ નથી. ત્રિકાળી નિજાનંદ પ્રભુ સમ્યગ્દર્શનના ધ્યેયરૂપ છે પણ ધ્યાનરૂપ નથી; સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રમાં ત્રિકાળી વસ્તુ ધ્યેય છે પણ ત્રિકાળી વસ્તુના અવલંબે પ્રગટેલી અતીન્દ્રિય આનંદની ક્રિયા વસ્તુમાં નથી. માટે એમ જાણવામાં આવે છે કે શુદ્ધ–પારિણામિક પ્રભુ ધ્યેયરૂપ છે, ધ્યાનરૂપ નથી.

શુદ્ધ–પારિણામિક વસ્તુ ધ્યેય છે, ધ્યાનમાં લેવા લાયક ધ્યેય છે પણ તે ધ્યાનરૂપ નથી; ધ્યાનમાં લેવા લાયક ધ્યેયરૂપ ત્રિકાળી દ્રવ્ય છે. તેથી શુદ્ધ–પારિણામિકભાવ ધ્યાનરૂપ નથી એમ કહીને આગળ શુદ્ધપર્યાયને કથંચિત્ ભિન્ન કહી હતી તે વાત અહીં સિદ્ધ કરી. અનંત શક્તિનો સમ્રાટ એવો જે ભગવાન આત્મા તે સમ્યગ્દર્શનનું ધ્યેય છે પણ સમ્યગ્દર્શનરૂપ ધ્યાન તેમાં નથી. સમ્યગ્દર્શન ધ્યાન છે ને ત્રિકાળી વસ્તુ ધ્યેય છે. એમ સ્વસંવેદનજ્ઞાન–શાસ્ત્રજ્ઞાન નહીં, પરલક્ષીજ્ઞાન નહીં– તે ધ્યાનરૂપ છે અને નિજાનંદ પ્રભુ ધ્યેયરૂપ છે તે ધ્યાનરૂપ નથી કારણકે ધ્યાન વિનશ્વર છે, કેમ કે નિશ્ચય મોક્ષમાર્ગ છે તે પર્યાય છે ને મોક્ષ થતાં મોક્ષમાર્ગની પર્યાય નાશ થઈ જાય છે– વ્યય થઈ જાય છે. શુદ્ધ–પારિણામિકભાવ તો અવિનાશી છે, કોઈ પરિણમન થવું કે પરિણમનનો અભાવ થવો એવું તેમાં નથી.

## * જિનવરદેવ જીવ કોને કહે છે ? *

શ્રી પરમાત્મપ્રકાશની ૬૮ મી ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે જિનવરદેવ એમ કહે છે કે જીવ કે જેને અમે નિષ્ક્રિયતત્ત્વ કહીએ છીએ તે પર્યાયમાં આવતો નથી, પર્યાયપણે ઊપજતો નથી. જિનવરદેવ એમ કહે છે કે હે યોગી ! પરમાર્થે જીવ ઊપજતો નથી, એટલે કે મનુષ્ય, દેવ, તીર્યંચ, નારક કે સિદ્ધ ગતિમાં ઊપજતો નથી. અનંત તીર્થંકરો

એમ કહે છે કે પરમાર્થે જીવ ઊપજતો નથી. જેને નિશ્ચય આત્મા કહીએ તેને નિયમસારની ગાથા ૩૮માં એમ કહ્યું છે કે ત્રિકાળી પરમાત્મા સ્વરૂપ તે જ આત્મા છે. પર્યાયનો આત્મા છે તે ત્રિકાળી–અપેક્ષાએ છે. વ્યવહાર આત્મા અભૂતાર્થ છે, અસત્યાર્થ છે.

જિનવર એમ કહે છે કે નિષ્ક્રિય ધ્રુવવસ્તુ આત્મા જેને કહીએ તે પર્યાયમાં કદી આવતો નથી, કેવળજ્ઞાનની પર્યાયપણે ધ્રુવ કદી ઊપજતો નથી, એ તો પર્યાય ઊપજે છે. પરમાર્થે જીવ ઊપજતો પણ નથી, મરતો પણ નથી. સિદ્ધગતિની પર્યાયનો બીજે સમય વ્યય થાય છે તે ત્રિકાળી ધ્રુવમાં નથી. પર્યાયનું ઉત્પન્ન થવું ને પર્યાયનું વ્યય થવું તે ત્રિકાળી દ્રવ્યમાં નથી. સમ્યગ્દર્શનનો વિષય જે ધ્રુવ તેમાં પર્યાયપણે ઊપજવું કે પર્યાય પણે વ્યય થવું નથી. પર્યાયની અવસ્થાનો વ્યય થવો તે ધ્રુવ ચીજમાં નથી.

પરમાત્મસ્વરૂપ છે તે બંધ ને મોક્ષના પરિણામને કરતું નથી એમ કોણ કહે છે? –કે અનંત તીર્થંકરો એમ ફરમાવે છે કે ત્રિકાળી ભગવાન પ્રભુ બંધને મોક્ષના પરિણામ અને બંધ–મોક્ષના કારણને કરતો નથી. એ તો સદૃશ એકરૂપ ધ્રુવ વસ્તુ છે અને ઉત્પાદ–વ્યય તો વિસદૃશ છે. ઉત્પાદ ભાવ અને વ્યય અભાવ, એ ભાવ–અભાવ વસ્તુમાં ક્યાં છે? –એ તો એકરૂપ ત્રિકાળી ભાવ છે અને તે જ સમ્યગ્દર્શનનો વિષય છે.

## * બંધ-મોક્ષના કારણને કે પરિણામને ન કરે તે જીવ *

જિનવરદેવ એમ કહે છે કે બંધને મોક્ષના કારણને પરિણામને નિશ્ચય જીવ કરતો નથી. પરમાર્થે નિશ્ચય જીવ કેવળજ્ઞાન થાય તેમાં ઊપજતો નથી ને વ્યય થાય તેમાં તે આવતો નથી. મનુષ્યગતિપણે ઉત્પાદ ને દેવગતિનો વ્યય તથા દેવગતિનો ઉત્પાદ ને મનુષ્યગતિનો વ્યય એ બન્નેમાં ભગવાન આત્મા આવતો નથી, એ તો નિજાનંદ ધ્રુવ પ્રભુ છે.

શ્રી યોગીન્દ્રદેવ તેના શિષ્યને કહે છે કે હે યોગી! અર્થાત્ સ્વરૂપની પર્યાયને દ્રવ્યસન્મુખમાં જોડેલી છે એવા હે યોગી! જિનવરદેવ એમ કહે છે કે બંધ ને મોક્ષના પરિણામમાં ધ્રુવ–જીવ આવતો નથી. એ ધ્રુવ તો સમ્યગ્દર્શનનો વિષય છે. સર્વજ્ઞ પરમેશ્વર કહે છે કે જે નિશ્ચય આત્મા છે તેની અપેક્ષાએ પર્યાય તે વ્યવહાર આત્મા છે. ત્રિકાળની અપેક્ષાએ પર્યાય એક સમયની હોવાથી તેને ગૌણ કરીને અસત્ કહેવામાં આવી છે, અને ત્રિકાળી ચીજને સત્યાર્થ–ભૂતાર્થ કહેવામાં આવી છે.

હજુ તેને વધુ સ્પષ્ટ કરે છે કે ત્રિકાળી દ્રવ્યના લક્ષે જે અનંતકાળમાં થયું નથી એવું અપૂર્વ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થયું તે એકદેશશુદ્ધનયાશ્રિત છે અને કેવળજ્ઞાન છે તે સર્વદેશશુદ્ધનયાશ્રિત છે. વીતરાગી દશા છે તે એકદેશશુદ્ધનયાશ્રિત ભાવના છે, તે એકદેશ શુદ્ધિનો અંશ છે. પૂર્ણ શુદ્ધિ નથી, પૂર્ણ શુદ્ધિ તો કેવળીને હોય છે.

જીવ કે જેને નિશ્ચય આત્મા કહીએ, એક સમયની પર્યાય વિનાનો ત્રિકાળી દ્રવ્ય–સ્વભાવ જેને કહીએ તે સિદ્ધની પર્યાયપણે પણ ઊપજતો નથી ને મનુષ્ય આદિ ગતિની પર્યાયનો વ્યય થાય તેમાં પણ તે આવતો નથી. સમ્યગ્દર્શનનો વિષય ત્રિકાળી ધ્રુવ ચીજ તે અહીં સિદ્ધ કરવી છે.

આત્મા ત્રિકાળી ધ્રુવ ચીજ છે. તેની પ્રાપ્તિ પર્યાયમાં થાય છે, એ પર્યાય ધ્રુવમાં નથી. એ પર્યાય એટલે વીતરાગી સહજાનંદ સુખાનુભૂતીલક્ષણ સ્વસંવેદનજ્ઞાન, તેનાથી આત્મા જણાય એવો છે. ધ્રુવથી ધ્રુવ ન જણાય કારણકે જાણવાની પર્યાયનો તો ધ્રુવમાં અભાવ છે. એવો ધ્રુવ છે તે ઊપજતો નથી, મરતો નથી, બંધ–મોક્ષ કરતો નથી, તેને આત્મા કહે છે. નિશ્ચય આત્મા કે જે એક સમયની પર્યાય વિનાનો છે તે બંધ–મોક્ષને કરતો નથી.

## * સુખાનુભૂતિલક્ષણ સ્વસંવેદનજ્ઞાનમય ઉપશમ આદિ ભાવો *

વળી તે સ્પષ્ટ કરવામાં આવે છેઃ- વિવક્ષિત-એકદેશ-શુદ્ધનયાશ્રિત આ ભાવના (અર્થાત્ કહેવા ધારેલી આંશિક શુદ્ધિરૂપ આ પરિણતિ) નિર્વિકાર-સ્વસંવેદનલક્ષણ ક્ષાયોપશમિકજ્ઞાનરૂપ હોવાથી જો કે એકદેશ વ્યક્તિરૂપ છે તોપણ ધ્યાતા પુરુષ એમ ભાવે છે કે ‘જે સકલનિરાવરણ-અખંડ-એક-પ્રત્યક્ષપ્રતિભાસમય-અવિનશ્વર-શુદ્ધપારિણામિકભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું’, પરંતુ એમ ભાવતો નથી કે ‘ખંડજ્ઞાનરૂપ હું છું.’ - આમ ભાવાર્થ છે.

આ વ્યાખ્યાન પરસ્પર સાપેક્ષ એવાં આગમ - અધ્યાત્મના તેમ જ નયદ્વયના (દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનયના) અભિપ્રાયના અવિરોધ પૂર્વક જ કહેવામાં આવ્યું હોવાથી સિદ્ધ છે (-નિર્બાદ્ધ) એમ વિવેકીઓએ જાણવું. - ગુજરાતી ટીકા.

વળી તે સ્પષ્ટ કહે છે કે વિવિક્ષિત – કહેવામાં આવેલું જે એકદેશ–એકભાગ શુદ્ધનયાશ્રિત એવી ભાવના એટલે કે પરમાનંદસ્વરૂપ ત્રિકાળીને પ્રાપ્ત કરનારી આ પર્યાય કે જેમાં ધ્રુવ વસ્તુ જાણવામાં આવે છે. તે પર્યાય કેવી છે? – કે વીતરાગી આનંદના લક્ષણવાળી સ્વસંવેદનદશા તે એકદેશશુદ્ધનયાશ્રિત ભાવનારૂપ દશા છે. કહેવા માગેલી આ

આંશિક નિર્મળ પરિણતિ કે જે પ્રગટ પર્યાય છે તે એકદેશશુદ્ધનયાશ્રિત ભાવના છે. તે ભાવના કે જે મોક્ષનો માર્ગ છે તેમાં જ્ઞાન કેવું છુ? –કે નિર્વિકાર–સ્વસંવેદન લક્ષણવાળું ક્ષયોપશમજ્ઞાન છે. મોક્ષમાર્ગની પર્યાય ઉપશમ–ક્ષયોપશમ–ક્ષાયિક એ ત્રણ ભાવ છે પણ તેમાં જ્ઞાન કેવું છે? – કે તેમાં ઉપશમજ્ઞાન–ક્ષયોપશમજ્ઞાન–ક્ષાયિકજ્ઞાન છે એમ નથી પણ એ ત્રણભાવોમાં જે જ્ઞાન છે તે નિર્વિકાર–સ્વસંવેદન લક્ષણવાળું ક્ષયોપશમજ્ઞાન છે.

ત્રણ ભાવમાં ક્ષયોપશમજ્ઞાન છે અને તે નિર્વિકારી આનંદરૂપ સ્વસંવેદન લક્ષણવાળું છે. સમ્યગદર્શનમાં ક્ષયોપશમજ્ઞાન છે તે કેવું છે? – કે નિર્વિકાર–સ્વસંવેદન લક્ષણવાળું છે, એમ કહીને એમાં કહે છે કે શાસ્ત્રજ્ઞાન છે તે કાર્ય નહીં કરે પણ નિર્વિકારી સ્વસંવેદનજ્ઞાન છે તે કાર્ય કરે છે, તેને અહીં ક્ષયોપશમજ્ઞાન કહે છે. સમ્યગ્દર્શન થતાં જે જ્ઞાન છે તે ક્ષયોપશમજ્ઞાન છે, ભલે ક્ષાયિક સમ્યગ્દર્શન હો પણ જ્ઞાન તો ક્ષયોપશમજ્ઞાન છે.

*** જ્ઞાની એમ જાણે છે કે જગતના બધા જીવો પરમાત્મસ્વરૂપ છે. ***

એવી જ રીતે બંધ અધિકારમાં શ્રી જયસેનાચાર્યદેવ કહે છે કે અજ્ઞાનનો –મિથ્યાત્વનો–રાગ–દ્વેષનો જે બંધ છે તેના વિનાશ અર્થે વિશેષ ભાવના કહીએ છીએઃ સ્વાભાવિક શુદ્ધ જ્ઞાનાનંદ તે હું છું. દયા–દાનના વિકલ્પ તો નહીં પણ એમ સમયની પર્યાય તે પણ હું નહીં. પર્યાય તો નિર્ણય કરે છે કે આ સહજ–શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપ તે હું છું. હું સ્વાભાવિક શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપ છું અને ત્રણ કાળના ત્રણલોકના સર્વે જીવો નિર્વિકલ્પ સહજ શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપ છે. ત્રણલોકમાં સર્વ જીવો એવ છે એમ કોણ ભાવના કરે છે? – કે જેને સમ્યગ્દર્શનની પર્યાયમાં નિર્વિકલ્પ શુદ્ધ ચીજનો અનુભવ થયો છે, જેને અંતર આનંદના સ્વાદમાં દ્રવ્ય–સ્વભાવનો અનુભવ થયો છે તે એમ જાણે છે કે બધા જીવો આવા છે, ભવી અને અભવી બધા જ જીવો આવા છે. મન –વચન–કાયાના વેપાર રહિત હું છું અને બીજા બધાં જીવો પણ મન–વચન–કાયાના વેપાર રહિત છે.

હું અભેદ છું, નિર્વિકલ્પ છું એમ સમ્યગ્દ્રષ્ટિ પોતાના આત્માને જાણે છે અને એ રીતે બધા જીવોને જાણે છે. નિગોદના જીવો પણ ભગવાન આત્મા છે એમ સમ્યગ્દ્રષ્ટિ ભાવે છે. મન–વચન–કાયાથી કરવું, કરાવવું ને એમ અનુમોદવું કે હું જેવો છું તેવા જ બધા જીવો પૂર્ણાનંદ સ્વરૂપ ભગવાન છે. સમ્યગ્દ્રષ્ટિ જીવ બધા જીવને એવી રીતે જોવે છે. સૂક્ષ્મ નિગોદનાં જીવનું જે દ્રવ્ય છે તે શુદ્ધ ચિદ્‌ઘન આનંદકંદ છે એમ સમ્યગ્દ્રષ્ટિ જોવે છે.

## * સ્વસંવેદનજ્ઞાનથી ગમ્ય આત્મા *

નિશ્ચય મોક્ષમાર્ગ છે તે નિર્વિકલ્પ સમાધિ છે. તેનાથી ઉત્પન્ન થયેલ અતીન્દ્રિય આનંદનો અનુભવ જેનું લક્ષણ છે એવું સ્વસંવેદનજ્ઞાન તે જ્ઞાન છે, શાસ્ત્રભણતર તે જ્ઞાન નથી, પણ નિર્વિકાર–સ્વસંવેદનલક્ષણ તે જ્ઞાન છે. સુખાનુભૂતિ માત્ર લક્ષણ સ્વસંવેદનજ્ઞાનથી આત્મા જણાય તેવો છે, તે સિવાય જણાય તેવો નથી. નિર્વિકારી–સ્વસંવેદનજ્ઞાનથી જણાય તેવો છે પણ ભગવાનની વાણીથી જણાય નહીં, ભગવાનની ભક્તિથી જણાય નહીં. આનંદની અનુભૂતિના સ્વસંવેદનજ્ઞાનથી જણાય એવો હું છું અને બધા આત્માઓ પણ એના સ્વસંવેદનજ્ઞાનથી એને જણાય એવા છે.

વીતરાગ સહજ સુખાનુભૂતિમાત્રલક્ષણ સ્વસંવેદનજ્ઞાનથી જણાય એવો આત્મા હું છું, કેવો હું છું? – કે અનંતજ્ઞાન, અનંત આનંદ આદિ સ્વભાવથી ભરેલો આત્મા હું છું અને બધા ભગવાન આત્મા પણ એવા છે. વળી કેવો છું? – કે મન–વચન–કાયાના વેપારથી ને દયા–દાન–વ્રત–ભક્તિના ભાવથી હું ભિન્ન છું એમ સમ્યગ્દ્રષ્ટિ જાણે છે. સર્વ વિકલ્પ વિભાવથી રહિત છું. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે ભાવ વિભાવભાવ છે, તેનાથી રહિત હું છું, સર્વ વિકારી પર્યાયથી શૂન્ય અને મારી અનંત શક્તિથી ભરેલો છું – એમ સમ્યગદ્રષ્ટિ પોતાની સમ્યગ્દર્શનની પર્યાયમાં આત્માને જાણે છે, માને છે, અનુભવે છે.

સમકિતિને ઉપશમસમકિત હો, ક્ષયોપશમિકસમકિત હો કે ક્ષાયિકસમકિત હો પણ જ્ઞાન તો ક્ષયોપશમ છે, ક્ષાયિજ્ઞાન તો કેવળીને જ હોય, નીચલી ભૂમિકાવાળાને ચોથા–પાંચમાં આદિ ગુણસ્થાનવાળા છદ્મસ્થને તો જ્ઞાન ક્ષયોપશમિક જ હોય છે, તે ક્ષયોપશમજ્ઞાનનું લક્ષણ શું? – કે નિર્વિકારી આનંદ સહિત જે જ્ઞાન હોય તેને સમકિતનું ક્ષયોપશમજ્ઞાન કહેવામાં આવે છે. સમ્યગ્દર્શન થતાં, આત્મ–અનુભવ થતાં તેની પર્યાયમાં આખો આત્મા આવતો નથી પણ બધી શક્તિઓ પર્યાયમાં એકદેશ પ્રગટ થાય છે. તારો આત્મા તને શેનાથી જણાય? –કે આનંદની અનુભૂતિ સહિતના સ્વસંવેદનજ્ઞાનથી આત્મા જણાય એવો છે, જ્યારે અનંત શક્તિઓ એક અંશે પ્રગટ થાય ત્યારે આત્મા જણાય છે.

## * ધ્યાતા પુરુષ શું ધ્યાવે છે? *

જેને આત્મા જણાયો છે એવો ધ્યાતા પુરુષ, ધર્મીજીવ કે જેને સ્વસંવેદન આનંદની અનુભૂતિ સહિતનું જ્ઞાન એક અંશે પ્રગટયું છે, તે પ્રગટેલી દશાનું ધ્યાન–જ્ઞાની કરતો નથી. અનુભવની જે પર્યાય છે તે એકદેશ પ્રગટ પર્યાયરૂપ છે, છતાં ધ્યાતા પુરુષ –

ધ્યેયનું ધ્યાન કરનાર પુરુષ તે પ્રગટ પર્યાયનું ધ્યાન કરતો નથી, ધર્મી કોનું ધ્યાન કરે છે? – ધર્મી જીવને સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટી છે છતાં પ્રગટેલાનું ધ્યાન કરતો નથી, તો કોનું ધ્યાન કરે છે? – કે એક સમયની પાછળ બિરાજમાન જે સકળ–નિરાવરણ –અખંડ–એક–પ્રત્યક્ષપ્રતિભાસમય–અવિનશ્વર–શુદ્ધ–પારિણામિકભાવલક્ષણ–નિજપરમાત્મ–દ્રવ્યનું ધ્યાન કરે છે. સમ્યગ્દ્રષ્ટિનું ધ્યેય શું? સમ્યગ્દ્રષ્ટિ ધર્મીનો વિષય શું? –કે ત્રિકાળી –આત્મા તે એનો વિષય છે કે જે સકલ–નિરાવરણ–એક અખંડ વસ્તુ છે.

જ્ઞાનની વર્તમાન પર્યાયમાં અખંડ–એક–પ્રતિભાસમય વસ્તુ છે તે જણાય છે, ભલે મતિ–શ્રુતજ્ઞાન હો પણ તેમાં અખંડ–એક–પ્રતિભાસમય આત્મા પ્રત્યક્ષ જણાય છે. પ્રત્યક્ષ ભગવાન શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ વસ્તુ છે તે પર્યાયમાં જણાય જાય છે. એવો જે આત્મા છે તે અવિનશ્વર છે–કોઈ દિ' નાશ થતો નથી. પર્યાય છે તે બદલે છે પણ વસ્તુ છે તે ત્રિકાળ નિજાનંદ ધ્રુવ વસ્તુ છે. શુદ્ધ–પારિણામિક પરમભાવ જેનું લક્ષણ છે, ત્રિકાળી શુદ્ધ સ્વભાવભાવ જેનું લક્ષણ છે, એવું નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું – એમ ધ્યાતા પુરુષ ધ્યાવે છે. ઉઘડેલી પર્યાય તે હું છું એમ નહીં પણ ઉઘડેલી પર્યાય એમ કહે છે કે આ ત્રિકાળી દ્રવ્ય તે હું છું. સમ્યગ્દર્શનની ઉઘડેલી પર્યાય છે તે એમ કહે છે કે આ ત્રિકાળી છે તે હું છું, પરંતુ ક્ષયોપશમજ્ઞાન પ્રગટયું છે તે હું છું એમ ધ્યાતા પુરુષ ભાવતો નથી. સમ્યગ્દર્શન ને આનંદ સહિત જ્ઞાનની પર્યાય પ્રગટેલી છે તેનું ધ્યાતા પુરુષ ધ્યાન નથી કરતો; હું ખંડ જ્ઞાનરૂપ છું એમ સમ્યગ્દ્રષ્ટિ નથી ભાવતો, પણ પ્રત્યક્ષ પ્રતિભાસમય નિજપરમાત્મદ્રવ્ય હું છું – એમ જ્ઞાની પુરુષ ધ્યાવે છે.

એ રીતે ભગવાને કહેલાં આગમ અને અધ્યાત્મની સાપેક્ષ આ વાત કરી છે. ધ્રુવ વસ્તુ ત્રિકાળી છે તે નિશ્ચયનયનો વિષય છે અને વર્તમાન દશા ક્ષણિક છે તે પર્યાયનયનો વિષય છે – એમ બે નયની અપેક્ષાએ પરસ્પર વાત કરી છે. નયદ્રવ્યના અભિપ્રાયના અવિરોધ પૂર્વક કહેવામાં આવ્યું છે. આત્મદ્રવ્ય નિશ્ચયથી શુદ્ધ છે ને પર્યાયમાં ભેદ છે એમ નિશ્ચય ને વ્યવહારના અભિપ્રાયના અવિરોધ પૂર્વક આ વાત કહેવામાં આવી છે. પર્યાય તે વ્યવહાર અને ત્રિકાળી તે નિશ્ચય છે –એમ બન્ને નયના અવિરોધ પૂર્વક આ કથન કરવામાં આવ્યું છે તેથી નિર્દોષ, નિર્બાધ છે –એમ વિવેકીઓએ આ રીતે જાણવું.

તા. ૧૧–૮–૭૭ થી શરૂ થઈ રહેલાં શિક્ષણ–શિબિર દરમિયાન, સવારે શ્રી કલશ–ટીકા ઉપર તથા બપોરે શ્રી સમયસાર–પરિશિષ્ટની ૪૭ શક્તિઓ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી હિંદીમાં પ્રવચનો આપશે.

## સુવર્ણપુરી સમાચારઃ-

* પૂજ્ય ગુરુદેવશ્રી સુખશાતામાં બિરાજી રહ્યા છે, સવારે કલશટીકા તથા બપોરે શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસ પ્રવચનો ચાલી રહ્યા છે.

* શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ – સોનગઢ–ના માનનીય પ્રમુખ શ્રી નવનીતલાલ ચુનિલાલ ઝવેરીનું દેહાવસાન થવાથી, ખાલી પડેલા પ્રમુખપદનો સ્વીકાર કરવા, સ્થાનિક મુમુક્ષુમંડળના અગ્રણી ભાઈઓ તથા અનેક ગામોનાં મંડળના પ્રતિનિધિ હિન્દી–ગુજરાતી ભાઈઓએ ભૂતપૂર્વ પ્રમુખ માનનીય મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીને તેમના ઘરે જઈને આગ્રહભરી વિનંતી કરી હતી. પોતાની વયોવૃદ્ધ અવસ્થાના કારણે પ્રથમ તેમણે તે જવાબદારી સ્વીકારવાની સ્પષ્ટ ના કહી. પરંતુ મંડળના કેટલાક અગ્રણી ભાઈઓની, સંસ્થાના હિત ખાતર, પ્રમુખપદ સ્વીકારવાની અતિ આગ્રહભરી વિનંતીનો, બે દિવસ વિચાર કર્યા બાદ છેવટે તેમણે સ્વીકાર કર્યો છે. આ સમાચાર સાંભળતાં પૂજ્ય ગુરુદેવે પણ, શ્રી રામજીભાઈને પ્રમુખ કરવાની બાબતમાં પ્રસન્નતાપૂર્ણ સંમતિ આપી છે. મુરબ્બી શ્રી રામજીભાઈના ઉપરોક્ત નિર્ણયથી સમસ્ત મુમુક્ષુમંડળે હર્ષ તથા આભારની લાગણી વ્યક્ત કરી છે. આ સમાચારની જાણ થતાં બહારગામના મુમુક્ષુઓ તથા મંડળો સંસ્થા તેમ જ મુરબ્બી શ્રી રામજીભાઈ ઉપર, અભિનંદન તથા આભાર વ્યક્ત કરતાં તાર–ટપાલ દ્વારા ખુશાલી પાઠવી રહ્યા છે.

* ધર્મરત્ન ભગવતી પૂજ્ય બેનશ્રી ચંપાબેનની ૬૪ મી જન્મજયંતી દ્વિતીય શ્રાવણ વદ બીજ, મંગળવાર, તા. ૩૦–૮–૭૭ ના રોજ સોનગઢમાં આનંદોલ્લાસ પૂર્વક ઉજવવામાં આવશે.

* શ્રવણબેલગોલા પર આવેલી ભગવાન બાહુબલીની વિશાળ મૂર્તિની પાસે જ પહાડના પથ્થર તોડવાથી મૂર્તિને નુકશાન થવાનો ભય થઈ રહ્યો હતો. આ સમાચાર જાણીને ઘણું દુઃખ અને આઘાત થયો કે કેન્દ્રીય પુરાતત્ત્વ વિભાગનો વિરોધ હોવા છતાં પણ આ પહાડ તોડવાનું કાર્ય ચાલુ રાખવામાં આવ્યું હતું. કર્ણાટકના મુખ્યપ્રધાન શ્રી દેવરાજ ઉર્સને એક તાર કરી આ કાર્ય વહેલી તકે બંધ કરવાની વિનંતી કરતાં તેમનો તારથી જવાબ આવ્યો કે મૂર્તિની આજુબાજુના

વિસ્તારમાં પથ્થર તોડવાનું કાર્ય બંધ કરવાની સૂચનાઓ અપાઈ ગઈ છે.

અમોને જણાવતાં ઘણો આનંદ થાય છે કે સુમાહિતગાર સમાચાર મુજબ હવે પથ્થર તોડવાનું કાર્ય બિલકુલ બંધ કરવામાં આવ્યું છે. સમાજમાં ચિંતા ફેલાવનાર આવા કાર્યને બંધ કરવા માટે મુખ્યપ્રધાન તથા કર્ણાટક સરકારને ધન્યવાદ.

**- માણેકલાલ આર. ગાંધી**
**( મંત્રી )**
**શ્રી કુંદકુંદ કહાન દિ. જૈન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ, મુંબઈ ૨**

---

## શુદ્ધિ

* અંક નં. ૪૦૫, પાનું નં. ૧૩, નીચે મુજબ સુધારીને વાંચવું:–

**૧૧ મી લાઈનમાં ‘રાખવા’ ને બદલે ‘ટાળવા’ - સુધારવું.**
**૧૨ મી લાઈનમાં ‘છે. ’ ને બદલે ‘કહેવાય છે. ’ - સુધારવું.**

---

*** ભગવાન શ્રી કુંદકુંદ કહાન જૈન શાસ્ત્ર માળાનું નવું પુષ્પ ***


**બહેનશ્રીનાં વચનામૃત**

**[ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના પ્રવચનોમાંથી વીણેલાં ]**

– દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટનું આ નવું પ્રકાશન આગામી દ્વિતીય શ્રાવણ વદ બીજ, તા. ૩૦–૮–૭૭ – પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૬૪ મી જન્મજયંતી ના દિને પ્રકાશિત થશે. કિંમત રૂા. ૩/–

## * આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલિ * ( અંક ૪૦૪ થી ચાલુ )

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪૬૦ | શ્રી ડાહ્યાભાઈ ધુળાજી | માંગરોળ | ૪૬૫ | શ્રી કીર્તિકુમાર નાનચંદ મહેતા | રાજકોટ |
| ૪૬૧ | ” મુકુંદરાય મણીલાલ ખારા | મુંબઈ | ૪૬૬ | ” ઈશ્વરલાલ કીરચંદ શેઠ | ” |
| ૪૬૨ | ” મોતીલાલ સુંદરજી પારેખ | ઘાટકોપર | ૪૬૭ | ” હીતેન ચંદુલાલ ટીંબડીયા | ” |
| ૪૬૩ | ” જગજીવનદાસ એચ. જૈન | દિલ્હી | ૪૬૮ | ” હીરાલાલ અમૃતલાલ મહેતા | ” |
| ૪૬૪ | ” દેવચંદ ન્યાલચંદ શાહ | જલગાંવ | | આજીવન સભ્ય ફી રૂા. ૧૦૧/– | ( ક્રમશઃ ) |




* વાંકાનેરના શાહ શાંતિલાલ માણેકલાલના ધર્મપત્ની મુક્તાબેન તા. ૧૫–૭–૭૭ના રોજ સાંતાક્રુઝ–મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. લાંબા વખતથી ગંભીર બિમારી છતાં અંત સુધી તેમણે દેવ–ગુરુ–ભક્તિની ઉત્તમ ભાવનાઓ ભાવી હતી. સોનગઢ–સોસાયટીમાં તેમના બ્લોકમાં આવીને અવારનવાર ગુરુદેવનો લાભ લેતા હતા. ધાર્મિક સંસ્કારમાં આગળ વધીને તેઓ આત્મહિત પામો.

* વિંછીયાના શ્રી ત્રંબકલાલ ભાઈચંદ ડગલી (વર્ષ ૬૫) તા. ૨૪–૭–૭૭ ના રોજ ગોરેગાંવ–મુંબઈ મુકામે હાર્ટ–ફેઈલથી સ્વર્ગવાસ પામ્યા છે. અવારનવાર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો લાભ લેતા હતાં. વીતરાગી દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે તેમને બહુમાન ભક્તિ હતાં. સદ્ગત આત્મા વીતરાગી દેવ ગુરુ ધર્મના પ્રતાપે આત્મોન્નતિ પામો.

* દામનગર નિવાસી શ્રી ચુનીલાલ ભુરાભાઈ અજમેરા (વર્ષ ૬૫) તા. ૨૯–૭–૭૭ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને સત્ દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે ભક્તિભાવ હતો. સદ્ગત આત્મા ધર્મના પ્રતાપે આત્મકલ્યાણ પામો એવી ભાવના.

* તા. ૧–૮–૭૭ ના રોજ સોનગઢ મુકામે મોરેનાના રહીશ ભાઈ શ્રી કૈલાશચંદજી જૈન (વર્ષ ૩૨) એકાએક હાર્ટ–ફેઈલથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા પાંચ–છ માસથી સોનગઢ રહીને પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક પ્રવચનોનો લાભ લઈ રહ્યા હતાં. તેઓ તત્ત્વરસિક હતા તથા વીતરાગી દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે તેમને ઘણો જ ભક્તિભાવ હતો. જિજ્ઞાસાપૂર્વક પ્રાપ્ત કરેલા આત્મસંસ્કાર વડે વીતરાગી દેવ–ગુરુ–ધર્મના શરણમાં આત્મહિત પામો એવી અભ્યર્થના.

સદ્ગત આત્માઓ વીતરાગી દેવ–ગુરુ–ધર્મ ના પ્રતાપે આત્મહિત પામીને પરમ શાંતિને શીઘ્ર પ્રાપ્ત હો તેવી શુભ ભાવના.

## શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મહામંડળ, સોનગઢ

**[ મીટિંગ સંબંધી સૂચના ]** **તા. ૧-૮-૭૭**

શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ/સંઘ/સમાજ મુ................................

શ્રી સદ્‌ગુરુવંદન સાથ જણાવવાનું કે આ વર્ષે શ્રી જૈન અતિથિ સેવા સમિતિ તથા આપણા મહામંડળની શ્રી કાર્યવાહક કમિટિની મીટિંગ તથા શ્રી સામાન્ય સભા અત્રે સોનગઢ મુકામે નીચે મુજબ રાખવામાં આવી છે, તો આપના ગામના પ્રતિનિધીઓને હાજર રહેવા સૂચના આપશોજી.

### એજન્ડા

(૧) સને ૧૯૭૬-૭૭ વર્ષના હિસાબી સરવૈયા, કમિટિઓના હિસાબો અને અહેવાલો મંજૂર કરવા.

(૨) સન ૧૯૭૭-૭૮ ના વર્ષ માટેના નવાં બજેટો મંજૂર કરવા.

(૩) માનનીય પ્રમુખ સાહેબની મંજૂરીથી જે કાંઈ રજૂ થાય તે અંગે.

| | તારીખ | વાર | સમય |
|---|---|---|---|
| શ્રી જૈન અતિથિ સેવા સમિતિ | ૨૮-૮-૭૭ | રવિવાર | ૯-૧૫ થી ૯-૪૫ |
| શ્રી કાર્યવાહક કમિટિની મીટિંગ | ૨૮-૮-૭૭ | રવિવાર | સવારે ૯-૪૫ |
| શ્રી સામાન્ય સભા | ૨૯-૮-૭૭ | સોમવારે | સવારે ૯-૧૫ |
| શ્રી ટ્રસ્ટીઓની મીટિંગ | ૨૯-૮-૭૭ | સોમવારે | બપોરે ૪-૧૫ |

આ ઉપરાંત શ્રી જૈન વિદ્યાર્થી-ગૃહ, સોનગઢની વાર્ષિક મીટિંગો નીચે મુજબ રાખવામાં આવી છે. તો તે પ્રમાણે હાજર રહેવા સૂચના છે.

દ્વિતીય શ્રાવણ સુદ ૧૫, રવિવાર, તા. ૨૮-૮-૭૭, સાંજે ૪-૧૫ વાગ્યે ટ્રસ્ટીઓની તથા વ્યવસ્થાપક કમિટિની મીટિંગ.

દ્વિતીય શ્રાવણ વદ ૧, સોમવાર, તા. ૨૯-૮-૭૭, સવારે ૯-૪૫ શ્રી સામાન્ય સભા.

નોંધઃ- બધી મીટિંગોનું સ્થળઃ- પ્રવચન - મંડપ.

લિ.
મલુકચંદ છોટાલાલ શાહ, મંત્રી
**શ્રી જૈન વિદ્યાર્થી - ગૃહ,**
**સોનગઢ**

લિ.
ટ્રસ્ટીઓ
**શ્રી દિ. જૈન મુમુક્ષુ મહામંડળ,**
**સોનગઢ**

[ સદગત પ્રમુખશ્રીને શ્રદ્ધાંજલિ......... સામે પાનેથી ચાલુ ]

ચેરમેન અને કેટલીક કંપનીના મેનેજીંગ કમિટિના સભ્ય હોવા છતાં તત્ત્વ-રસિક હોવાને કારણે કુટુંબ સાથે વારંવાર સોનગઢ આવીને ઘણો સમય પૂજ્ય ગુરુદેવશ્રીની છત્રછાયામાં રહીને, તેઓશ્રીના આત્મોન્નતિકારી આધ્યાત્મિક ઉપદેશનો લાભ લેતા હતા. પૂજ્ય ગુરુદેવશ્રીનો વધારે લાભ લઈ શકાય તે માટે તેમણે સોનગઢમાં પોતાનું વિશાળ નિવાસસ્થાન બનાવ્યું હતું. બિમારીમાં પણ છેલ્લા દિવસો સુધી તેઓ નિયમિત શાસ્ત્ર-સ્વાધ્યાય તથા પૂજ્યશ્રીના પ્રવચનોની ટેપનું શ્રવણ-મનન કરતા હતા અને જલ્દી સોનગઢ આવવાની ઘણી જ ભાવના ભાવતા હતાં. તેઓને સત્ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે તથા પોતાને આત્મોન્નતિના માર્ગે દોરવનાર પરમ પૂજ્ય ગુરુદેવ પ્રત્યે અત્યંત બહુમાન તથા ભક્તિભાવ હતા, અને તેથી જોગાનુજોગ તેમના શયનખંડમાં પૂજ્ય ગુરુદેવશ્રીના ફોટાની સામે જ એકાએક તેઓનો દેહ ઢળી પડયો હતો. તેઓ જૈન સમાજ ઉપરાંત જૈનેતર સમાજમાં પણ એક દાનવીર, સજ્જન અને સેવાપ્રિય વ્યક્તિ તરીકે ખ્યાતનામ હતા. આવા ઉદારચિત્ત, કર્તવ્યનિષ્ઠ અને ધર્મપ્રેમી પ્રમુખશ્રીના દેહાવસાનથી ટ્રસ્ટને, મહામંડળને તથા સમસ્ત મુમુક્ષુ સમાજને એક મોટી ખોટ પડી છે. સદ્ગત પ્રમુખશ્રીનો આત્મા, જીવન દરમિયાન પ્રાપ્ત કરેલા આધ્યાત્મિકસંસ્કાર તથા રુચિના બળે વીતરાગી દેવ-ગુરુ-ધર્મના ચરણોમાં આત્મોન્નતિ પામી શાશ્વત સુખને શીઘ્ર પામે એવી તેમના પ્રતિ શુભાંજલિ અર્પીએ છીએ. તે હેતુએ તા. ૨૩-૭-૭૭ ના રોજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, શ્રી જૈન વિદ્યાર્થી-ગૃહ, મુમુક્ષુ સમાજ તથા શ્રી ગુરુકુલ હાઈસ્કૂલ અને શ્રી દયાનંદ કન્યા વિદ્યાલય તરફથી માનનીય મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીના પ્રમુખપદે પ્રવચન-મંડપમાં એક શોકસભા ભરાઈ હતી, જેમાં સદ્ગત પ્રત્યે શ્રદ્ધાંજલિ વ્યક્ત કરીને શોક-ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. તદુપરાંત સોનગઢની જનતાએ સોનગઢ-ગામમાં એક શોકસભા ભરીને સદ્ગત પ્રમુખશ્રીના ગુણસ્મરણ દ્વારા તેઓશ્રીને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

સદ્ગત પ્રમુખશ્રીનો આત્મા વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરુના પ્રતાપે પરમ શાંતિને શીઘ્ર પામો એવી ભાવના.

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ**

**વતી**

**શ્રી રામજીભાઈ માણેકચંદ દોશી, ટ્રસ્ટીઓ,**

**વ્યવસ્થા-કમિટિ તથા દિ. જૈન મુમુક્ષુ મંડળ.**

## સદ્‌ગત પ્રમુખશ્રી નવનીતલાલભાઈ ઝવેરીને શ્રદ્ધાંજલિ

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ ( સોનગઢ ) ના પ્રમુખશ્રી**



**શ્રી દિ. જૈન મુમુક્ષુ મહામંડળના પ્રમુખશ્રી**

**[ જન્મ તારીખઃ ૨૧-૯-૧૮૯૮ * સ્વર્ગવાસ તારીખઃ ૨૧-૭-૧૯૭૭ ]**

આ સંસ્થાના માનનીય પ્રમુખશ્રી નવનીતલાલ ચુનીલાલ ઝવેરી મુંબઈ મુકામે હાર્ટ-એટેકથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ આજથી લગભગ ૨૦ વર્ષ પહેલાં મુંબઈમાં પૂજ્ય ગુરુદેવશ્રીની ભવતાપહારિણી અધ્યાત્મ-વાણી સાંભળીને અત્યંત પ્રભાવિત થવાથી પૂજ્ય ગુરુદેવશ્રીના સત્‌-સમાગમમાં આવ્યા હતા. સ્વભાવે સરળ, શાંત, દૃઢનિશ્ચયી અને લોકપ્રિય સજ્જન હોવા ઉપરાંત પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે અત્યંત ભક્તિભાવ હોવાને લીધે તથા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવવામાં આવી રહેલી આ પરમ સત્ય તત્ત્વની પ્રભાવનાથી ઊંડી ભાવના હોવાને લીધે છેલ્લા પંદર વર્ષથી તેઓ આ સંસ્થાનું પ્રમુખપદ શોભાવી રહ્યા હતા. તેઓને છ-ઢાળા શાસ્ત્ર બહુ જ પ્રિય હોવાથી કંઠસ્થ હતું અને તેમની વિનંતીથી પૂજ્ય ગુરુદેવશ્રીએ છ-ઢાળા ઉપર પ્રવચન આપ્યા હતાં કે જે પ્રવચનોના ચાર ભાગમાં પુસ્તક છપાવીને તેમણે આત્મધર્મના ગ્રાહકોને ભેટ આપ્યા હતાં. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પ્રરૂપિત સનાતન દિગંબર જૈન ધર્મનો જૈન તથા જૈનેતર જીવોને ખૂબ ખૂબ લાભ મળે તેવી ધર્મભાવનાથી, પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો જિજ્ઞાસુઓને સાંભળવા મળે તે માટે ભારતના અનેક ગામોમાં ટેપ-રેકોર્ડિંગ મશીન સાથે માણસ તેમના તરફથી મોકલતા તથા લોકો ઘરે બેઠા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોની ટેપ સાંભળી શકે તે માટે તેઓ પોતાના ખર્ચે ટેપ-રેકોર્ડિંગ-પ્રચાર-યોજના ચલાવતા હતાં. તેઓએ સમસ્ત જૈન સમાજની ઉન્નતિ માટે અનેકવિધ કાર્યો કર્યાં હતા. તદુપરાંત પ્રભાવના માટે તેમ જ મુમુક્ષુઓ વધુ વખત સોનગઢમાં રહીને શાંતિથી તત્ત્વજ્ઞાનનો લાભ લઈ શકે તે માટે શ્રી કહાન-નગર સોસાયટી વિગેરે અનેક નિવાસ-સ્થાનો કરાવ્યા તથા વિદ્યાર્થીઓ વિદ્યાભ્યાસ માટે આગળ વધી શકે તે માટે તેમને પ્રોત્સાહીત કરતા હતા. પોતે ઉદ્યોગપતિ, ઓનરરી મેજીસ્ટ્રેટ, જે. પી તથા કેટલીક સંસ્થાના

[ વધુ માટે જુઓ સામે પાને ]

## ❀ જૈનદર્શન - શિક્ષણશિબિર ❀

દર વર્ષની જેમ સોનગઢમાં પ્રૌઢ વયના ભાઈઓ માટે જૈનદર્શન–શિક્ષણશિબિર પ્રથમ શ્રાવણ વદ બારસ, ગુરુવાર, તા. ૧૧–૮–૭૭ થી દ્વિતીય શ્રાવણ વદ બીજ, મંગળવાર, તા. ૩૦–૮–૭૭ સુધી ચાલશે. શિક્ષણશિબિરમાં મોક્ષમાર્ગ–પ્રકાશક અને પ્રશ્નોત્તરમાળા તથા છઢાળા અને જૈન સિદ્ધાંત–પ્રવેશિકા ચાલશે. સૌ ભાઈઓએ પુસ્તકો સાથે લાવવા સૂચના છે.

## ❀ જૈનદર્શન - પ્રવચનકાર - શિક્ષણશિબિર ❀

શ્રાવણ વદ ત્રીજ, તા. ૩૧–૮–૭૭ થી ભાદરવા સુદ એકમ, બુધવાર, તા. ૧૪–૯–૭૭ સુધી સોનગઢમાં પ્રથમ વખત પ્રવચનકારો માટે શિક્ષણશિબિર રાખવામાં આવેલ છે, તો સર્વે પ્રવચનકારોને આ શિક્ષણશિબિરમાં ભાગ લેવા માટે સોનગઢ પધારવા સંસ્થા તરફથી આમંત્રણ છે.

તા. ૨૭–૮–૭૭ થી તા. ૨–૯–૭૭ સુધી લવાજમ રૂા. ૯/– ને બદલે રૂા. ૬/–

ધર્મરત્ન ભગવતી પૂજ્ય બેનશ્રી ચંપાબેનની ૬૪ મી જન્મજયંતીના ઉપલક્ષમાં, તા. ૨૭–૮–૭૭ થી તા. ૨–૯–૭૭ સુધીમાં ગુજરાતી આત્મધર્મનું (ડિસેમ્બર '૭૭ થી જૂન' ૭૯ સુધીના ૧૯ માસનું) લવાજમ ભરનારે રૂા. ૯/– ને બદલે રૂા. ૬/– મોકલવા, બાકીના રૂા. ૩/– કમળાબેન રામજીભાઈ મોટાણી તરફથી જાહેર કરવામાં આવેલ છે.

## ❀ પ્રવચન - પ્રચાર - યોજના ❀

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો નિયમિત રીતે ટેપ થઈ રહ્યાં છે. જે કોઈ મુમુક્ષુઓને પ્રવચનના ટેપની નકલ કરાવવી હોય તેમને સંસ્થા તરફથી ટેપ કરી આપવામાં આવશે અને વ્યવસ્થા ખર્ચ પેટે એક પ્રવચન દીઠ રૂા. ૧/– લેવામાં આવશે.

* તા. ૧૧–૮–૭૭ થી તા. ૧૪–૯–૭૭ સુધી શિક્ષણશિબિર દરમિયાન પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોની ટેપ શ્રી મધુભાઈ ચીમનલાલ ઝવેરી (હોંગકોંગ) તરફથી ફ્રી ઉતારી આપવામાં આવશે.

– વ્યવસ્થા કમિટિ

રીલ તથા કેસેટ મોકલવાનું સરનામું:–

ટેપ રેકોર્ડિંગ વિભાગ,
શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર) PIN 364 250

પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) PIN 364 250
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રતઃ ૩૫૦૦